| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૧૨/૨૦૧૯ | | |
| રજીસ્ટર તારીખ | ૧૦/૧૨/૨૦૧૯ | | |
| નિકાલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૪ | ૨૦ |

**ફોર્મ–એ**

**રાજકોટ જિલ્લાના ચોથા અધિક જિલ્લા તથા સત્ર ન્યાયાધીશશ્રી સમક્ષ,**

**મુ. રાજકોટ**

( રાજકોટ શહેરના બી–ડીવી. પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૩૦/૨૦૧૯)

ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧)

**સેશન્સ કેસ નં. ૨૩૮/૨૦૧૯**
**આંક–62**

**ફરિયાદી:–** **શ્રી સરકાર**

ફરિયાદપક્ષ : વિદ્વાન પી.પી. શ્રી એસ.કે.વોરા

**–// વિરુધ્ધ //–**

**આરોપીઓ/ઓ:– ૧.** **કુસુમબેન ઉર્ફે માનુબેન વા.ઓ. દીલીપભાઈ પરમાર, ડો.ઓ. શામજીભાઈ ગોહેલ,**
ઉ.વ.પુખ્ત,
રહે. નવાગામ આવાસ યોજના ક્વાર્ટર્સ,
બ્લોક નં.૨૧, ક્વાર્ટર નં.૨૬૭૫,
સુરેશભાઈ દરજીના મકાનમાં ભાડેથી,
રાજકોટ.

**૨.** **સુરેશભાઈ વીઠ્ઠલભાઈ ટંકારીયા,**
ઉ.વ.૩૮, ધંધો–દરજીકામની મજૂરી,
રહે. નવાગામ આવાસ યોજના ક્વાર્ટર્સ,

બ્લોક નં.૨૧, ક્વાર્ટર નં.૨૬૭૫, રાજકોટ.

૩. **જેશાભાઈ દેવાભાઈ મેણીયા,**
ઉ.વ.૪૮, ધંધો–મજૂરીકામ,
રહે. નોલી ગામ, તા.સાયલા,
જિ.સુરેન્દ્રનગર.
હાલ રહે. સાંગાણી ગામ,
રતાભાઈ ભરવાડની સાથે, તા.ચોટીલા,
જિ.સુરેન્દ્રનગર.

આરોપી નં.૧ તરફે : વિ.વકીલશ્રી એ.બી.ઠક્કર
આરોપી નં.૨ તરફે : વિ.વકીલશ્રી પી.એચ.મણીયાર
આરોપી નં.૩ તરફે : લીગલ એઈડ વિ.વકીલશ્રી એ.જે.પોપટ

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૮/૦૭/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૯/૦૭/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૦૩/૧૦/૨૦૧૯ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૦૫/૨૦૨૦ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૬/૦૨/૨૦૨૬ |
| **ચુકાદો આપ્યા તારીખ** | **૩૦/૦૪/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળાવ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીઓની વિગત

| આરોપીઓ નો ક્રમ | આરોપીઓનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપીઓ નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se. ૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **કુસુમબેન ઉર્ફે માનુબેન** | ૧૦/૦૭/૧૯ | ૧૭/૦૧/૨૩ | **આઈ.પી.સી.** | નિર્દોષ | –– | ૦૩ વર્ષ, ૦૬ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વા.ઓ. દીલીપભાઈ પરમાર, ડો.ઓ. શામજીભાઈ ગોહેલ | | | કલમ– ૩૦૨, ૧૨૦ (બી) તથા જી.પી. એક્ટ કલમ– ૧૩૫ (૧) મુજબ | | | માસ, ૦૭ દિવસ |
| ૨. | સુરેશભાઈ વીઠ્ઠલભાઈ ટંકારીયા | ૧૧/૦૭/૧૯ | ૦૪/૦૧/૨૩ | | નિર્દોષ | -- | ૦૩ વર્ષ, ૦૫ માસ, ૨૨ દિવસ |
| ૩. | જેશાભાઈ દેવાભાઈ મેણીયા | ૧૧/૦૭/૧૯ | | | નિર્દોષ | -- | |

## **-:: જજમેન્ટ ::-**

**(૦૧)** આ કામના આરોપીઓ સામે હાલનો સેશન્સ કેસ નં. ૨૩૮/૨૦૧૯ દાખલ થયેલ છે જેની ટ્રાયલ આરોપીઓ વિરૂધ્ધ **આઈ.પી.સી. કલમ- ૩૦૨, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ- ૧૩૫(૧)** મુજબના ગુના સબબની હાથ ધરવામાં આવેલ છે.

## **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત ::**

**(૦૨)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ કુસુમબેન ઉર્ફે માનુબેન વા.ઓ. દીલીપભાઈ પરમાર ડો.ઓ. શામજીભાઈ ગોહેલ ના અગાઉ આ કામના મરણજનાર દીલીપભાઈ હમીરભાઈ પરમાર સાથે લગ્ન થયેલ હોય અને થોડા સમય બાદ છુટાછેડા થઈ ગયેલ હોય અને આરોપી નં.૧ કુસુમબેન આ કામના આરોપી નં.૨ સુરેશભાઈ ટંકારીયાના મકાનમાં તેમની સાથે રહેવા ગયેલા અને તેમ છતાં મરણજનાર દીલીપભાઈ આરોપી નં.૧ કુસુમબેનના ઘરે જતા હોય અને બન્ને વચ્ચે ઝગડાઓ થતા હોય જેથી આ બાબતનો ખાર રાખી આરોપી નં.૧ નાએ આ કામના આરોપી નં.૩ જેશાભાઈ દેવાભાઈ મેણીયાને અગાઉ મળી પુર્વઆયોજીત કાવતરું રચી તા.૦૮/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૧૭-૫૭ વાગ્યે, નવાગામ આવાસ યોજના ક્વાર્ટર, બ્લોક નં.૨૧, ક્વાર્ટર નં.૨૬૭૫ રાજકોટ મુકામે મરણજનાર દિલીપભાઇને બોલાવી આરોપી નં.૧ કુસુમબેન તથા આરોપી નં.૨ સુરેશભાઈ વિઠ્ઠલભાઈ ટંકારીયા નાઓએ પકડી રાખી

આરોપી નં.૩ જેશાભાઈએ મરણજનારને છાતીના ભાગે છરી વતી આડેધડ ઘા મારી ગંભીર ઈજા કરી દિલીપભાઈ હમીરભાઈનું ખુન કરી નાખી, પોલીસ કમિશનરશ્રીના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોય જે બનાવ અંગેની ફરિયાદ રાજકોટ શહેરના બી–ડીવી. પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૩૦/૨૦૧૯ થી નોંધાતા આરોપીઓ વિરૂદ્ધ તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧)** મુજબનો સજાને પાત્ર ગુનો દાખલ થયેલ.

**(૨.૨)** આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપીઓ વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, રાજકોટનાઓની કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીઓ વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, રાજકોટના વિદ્વાન એડી. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રાજકોટશ્રીનાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિનામૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ અત્રેના રાજકોટના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ. જેને **સેશન્સ કેસ નંબર–૨૩૮/૨૦૧૯** થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ મે.મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, રાજકોટના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

## તહોમતનામુ તથા આરોપીઓની પ્લી :–

**(૦૩)** સદર કેસ દાખલ થતા આ કામે આરોપીઓને સમન્સ, વોરંટ કરતા આરોપીઓ અદાલતમાં હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સ વિના મુલ્યે પુરા

પાડવામાં આવેલ હોવાની ખાત્રી થતા, આ કામે આરોપીઓ વિરૂદ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલા પુરતા પુરાવાઓ હોવાથી આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત ગુનાઓ અન્વયે કોર્ટ દ્વારા આંક-૬ થી તહોમતનામુ ફરમાવેલ જે તહોમતનામુ આરોપીઓને વાંચી સંભળાવી આરોપીઓનું આંક-૭, ૮, ૯ થી નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ જેથી આરોપીઓ સામે તહોમતનામા મુજબના ગુના સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે અને આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૦૪)** આ કામમાં પ્રોસીક્યુશન તરફે આરોપીઓએ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>ફોર્મ-સી</u>**

**<u>ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો</u>**

| ફરી. પક્ષે સાહેદ (PW) નં. | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | **૧૫** | થી વિજયભાઈ મગનભાઈ ઝાલાની જુબાની | ફરિયાદી |
| ૦૨ | **૧૭** | થી અશરફભાઈ ઓસમાણભાઈ ઓડીયાની જુબાની | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |
| ૦૩ | **૨૧** | થી મહેશભાઈ પીઠાભાઈ ચૌહાણની જુબાની | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |
| ૦૪ | **૨૪** | થી મેહુલભાઈ ચનાભાઈ મકવાણાની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |
| ૦૫ | **૨૬** | થી ચકાભાઈ ખોડાભાઈ જાદવની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |

| | | | |
|---|---|---|---|
| ૦૬ | **૨૭** | થી રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ મેરામભાઈ ધ્રાંગીયાની જુબાની | મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ (હોસ્ટાઈલ) |
| ૦૭ | **૨૯** | થી આર્યન રવીભાઈ રામાણીની જુબાની | આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ (હોસ્ટાઈલ) |
| ૦૮ | **૩૧** | થી રફીકભાઈ નઝીરભાઈ અંસારીની જુબાની | આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ (હોસ્ટાઈલ) |
| ૦૯ | **૪૧** | થી ડોક્ટર શૈલેષભાઈ ધનજીભાઈ ભુવાની જુબાની | મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર |
| ૧૦ | **૪૮** | થી શીતલબેન દીલીપભાઈ સાથળીયાની જુબાની | સાહેદ (હોસ્ટાઈલ) |
| ૧૧ | **૪૯** | થી ત.ક.અ. વિક્ટર જોન ફર્નાન્ડીસની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૧૨ | **૫૭** | થી રોહીતકુમાર યોગેશભાઈ રાવલની જુબાની | તપાસ કરનાર અમલદાર |

## <u>**દસ્તાવેજી પુરાવાઓ**</u>

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૦૧ | **૧૬** | થી અસલ ફરિયાદ |
| ૦૨ | **૧૮** | થી સ્થાનિક જગ્યાનું પંચનામુ |
| ૦૩ | **૧૯, ૨૦** | થી મુદ્દામાલ આર્ટીકલ "એ" તથા "બી" અનુક્રમે કોટનથ્રેડ તથા કોટન સેમ્પલ કોટન થ્રેડના નમુના માંથી નીકળેલ કાપલીઓ |

| | | |
|---|---|---|
| ૦૪ | **૨૫** | થી ડિસ્કવરી પંચનામુ |
| ૦૫ | **૨૮** | થી મરણજનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૦૬ | **૩૦** | થી આરોપીને અટક કર્યાનું પંચનામુ |
| ૦૭ | **૪૨** | થી મરણજનારની લાશનું પી.એમ. કરવાની યાદી |
| ૦૮ | **૪૩** | થી મરણજનારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાની ખરીનકલ |
| ૦૯ | **૪૪** | થી મરણોત્તર ફોર્મ |
| ૧૦ | **૪૫** | થી પી.એમ. નોટ |
| ૧૧ | **૪૬** | થી આરોપી સુરેશભાઈની અંગજડતી દરમ્યાન કબજે કરેલ દસ્તાવેજની નકલ |
| ૧૨ | **૪૭** | થી આરોપી સુરેશભાઈ તેમજ આરોપી જેશાભાઈના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૧૩ | **૫૦** | થી ગુનો દાખલ કરવા અંગેની યાદી |
| ૧૪ | **૫૧** | થી આરોપીના બ્લડ સેમ્પલ મેળવવા અંગેની યાદી |
| ૧૫ | **૫૨** | થી આરોપી જશાભાઈ મેણીયાની મેડીકલ તપાસણીનું સર્ટીફીકેટ |
| ૧૬ | **૫૩** | થી આરોપી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ ની મેડીકલ તપાસણીનું સર્ટીફીકેટ |
| ૧૭ | **૫૪** | થી કબજે કરેલ મુદ્દામાલનું પરીક્ષણ કરવા માટે એફ.એસ.એલ. રાજકોટને લખેલ પત્ર |
| ૧૮ | **૫૫** | થી મુદ્દામાલ મળી ગયા બદલની એફ.એસ.એલ. રાજકોટની પહોંચ |
| ૧૯ | **૫૬** | થી એફ.એસ.એલ.નો અહેવાલ તથા સીરોલોજી રીપોર્ટ પત્ર સાથે– સંયુક્ત આંક |
| ૨૦ | **૫૮** | થી સ્થળ પરીક્ષણ અહેવાલ |

**(૦૫)** આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૫૯ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરાવો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન :–</u>**

**(૦૬)** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ (બી.એન.એસ.એસ. કલમ–૩૫૧) મુજબ આરોપીઓનું પ્રશ્નોત્તરી સ્વરૂપે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેને તેની વિરૂદ્ધનો પુરાવો વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ

ફરિયાદપક્ષના કેસની હકીકતનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ હોવાની અને પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાની હકીકતો જણાવેલ છે. વિશેષમાં આરોપીઓએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદો તપાસેલા નથી. વધુમાં જણાવેલ છે કે, *"ગુજરનારના મૃત્યુ અંગે કાંઈ જાણતા નથી. પોલીસે ખોટી ફરિયાદના આધારે, કોટી તપાસ કરી, ખોટા પંચનામાઓ તથા ખોટા સાહેદોના નિવેદનોના આધારે અમારી ખોટી રીતે અટક કરેલ છે. અમારી પાસેથી કોઈ રીકવરી/ડિસ્કવરી થયેલ નથી. મુદ્દામાલ અમારી પાસેથી કબજે કરેલ નથી. જે અંગે અમો અમારી પાસેથી કબજો થયેલ નથી અને અમો કાંઈ જાણતા નથી. અમો તદ્દન નિર્દોષ છીએ."*

**(૦૭)** આ કામે ફરિયાદપક્ષે વિ. ડી.જી.પી.શ્રી એસ.કે.વોરાની જ્યારે આરોપી નં.૧ તરફે વિ.વકીલશ્રી એ.બી.ઠક્કર, આરોપી નં.ર વિ.વકીલશ્રી પી.એચ.મણીયાર તેમજ આરોપી નં.૩ તરફે લીગલ એડવોકેટ વિ.વકીલશ્રી એ.જે.પોપટ નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭.૧)** ફરિયાદ પક્ષે વિ.પી.પી.શ્રી એસ.કે. વોરા એ એવી દલીલ કરેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ- ૩૦૨, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબનો ગંભીર પ્રકારનો ગુનો દાખલ થયેલ છે. ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ છે. હાલના કેસમાં ભલે કોઈ બનાવ નજરે જોનાર સાહેદ ઉપલબ્ધ ન હોય, પરંતુ ફરિયાદપક્ષે રજૂ કરેલ દસ્તાવેજી, વૈજ્ઞાનિક તથા સાંયોગિક પુરાવાઓની સંયુક્ત અને પૂર્ણ સાંકળ પરથી આરોપીઓએ મરણજનાર દિલીપભાઈની પૂર્વઆયોજિત રીતે હત્યા કરી હોવાનું શંકાથી પર રીતે સાબિત થાય છે. આ કામે પોસ્ટમોર્ટમ રિપોર્ટ તથા ડોક્ટરી પુરાવાથી સ્પષ્ટ થાય છે કે દિલીપભાઈનું મૃત્યુ છાતીના ભાગે થયેલા ઘાતક છરીના ઘા ના કારણે થયેલ છે અને મૃત્યુ કુદરતી નથી પરંતુ સંપૂર્ણપણે હોમીસાઈડલ છે, જેથી બનાવ અને મૃત્યુ અંગે કોઈ વિવાદ રહેતો નથી. વધુમાં તપાસ દરમ્યાન ઘટના સ્થળનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવેલ છે અને આરોપીઓ તથા મરણજનારના લોહીના નમૂનાઓ, કપડાં તથા અન્ય સામગ્રી એફ.એસ.એલ. રાજકોટને મોકલી તેની તપાસ કરાવવામાં આવેલ છે, જેના અહેવાલોથી લોહી તથા સામગ્રી વચ્ચેનું

વૈજ્ઞાનિક જોડાણ સાબિત થાય છે, જેનાથી પણ આરોપીઓની બનાવમાં સંડોવણી સ્પષ્ટ સાબીત થાય છે. વધુમાં આરોપીઓની તાત્કાલિક ધરપકડ થવી, તેમના કપડાં કબજે કરવાં, લોહીના નમૂનાઓ લેવા તથા મેડિકલ પરીક્ષણ કરાવવાની કાર્યવાહી આરોપીઓની ઘટનાસ્થળ પર તેમની હાજરી અને ગુના સાથેની સંડોવણી પુરવાર છે, જે ભારતીય પુરાવા અધિનિયમ મુજબ મહત્વપૂર્ણ પરિસ્થિતિજન્ય પુરાવો ગણાય છે. વધુમાં ફરિયાદી તથા પંચ સાહેદો ફરી ગયેલા હોવા છતાં, કાયદાની દ્રષ્ટિએ માત્ર સાહેદો ફરી જવાથી ફરિયાદપક્ષનો સમગ્ર કેસ નાબૂદ થઈ જતો નથી, ખાસ કરીને જ્યારે દસ્તાવેજી અને વૈજ્ઞાનિક પુરાવા રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય. હાલના કેસમાં ફરિયાદીએ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તમામ પંચ સાહેદોએ પંચનામાઓ પર પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે, જેથી દસ્તાવેજોની સત્યતા પુરવાર થાય છે. વધુમાં આરોપી નં.૧ કુસુમબેન તથા મરણજનાર દિલીપભાઈ વચ્ચે અગાઉ વૈવાહિક સંબંધો હતા અને ત્યારબાદ તેમની વચ્ચે છુટાછેડા થયેલા છે અને ત્યારબાદ પણ સતત ઝઘડાઓ થતા હોવાના કારણે ગુના અંગેનો મજબૂત મોટિવ પણ પુરવાર થાય છે, જે પૂર્વઆયોજિત કાવતરાં તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. વધુમાં બનાવનો ચોક્કસ સમય, સ્થળ, વૈજ્ઞાનિક તપાસ, આરોપીઓની બનાવ સ્થળે હાજરી અને ત્યારબાદનું આરોપીઓનું વર્તન આ તમામ કડીઓ જોતા હાલના આરોપીઓ સિવાય અન્ય કોઈ વ્યક્તિએ ગુનો કર્યો હોવાની સંભાવના જણાઈ આવતી નથી. વધુમાં દલીલ કરેલ છે કે, માત્ર ઓળખ પરેડ ન કરવી, ફિંગરપ્રિન્ટ ન મળવા કે મોબાઈલ કોલ ડિટેલ ન મેળવવી જેવી તપાસની ખામીઓ આરોપીઓને નિર્દોષ ઠરાવવાનું કારણ બની શકે નહીં. કારણ કે નામ સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ તપાસની ખામી હોવા છતાં જો પૂરતો અને મજબૂત પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો તપાસમાં ખામી નો લાભ આરોપીઓને આપી શકાય નહિ. આ તમામ હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે આરોપીઓએ પૂર્વનિયોજીત કાવતરાં રચી મરણજનારની હત્યા કરેલ છે, મેડિકલ પુરાવા અને તપાસ કરનાર અમલદારના પુરાવાઓને આધારે પણ ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તે દયાને લેતા આરોપીઓ સામે ગુનો બનતો હોય જેથી તેમના વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ તથા ૧૨૦(બી) તેમજ જી.પી. એક્ટ કલમ

૧૩૫(૧) મુજબનો ગુનો શંકાથી પર સાબિત થાય છે અને તેથી ત્રણેય આરોપીઓને દોષિત ઠરાવી કાયદા મુજબ કડક સજા ફરમાવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

**(૭.૨)** જયારે બચાવ પક્ષે વિ.વકીલશ્રીઓ તરફે આરોપી નં.૨ તરફે આંક-૬૧ થી લેખિત દલીલો રજુ થયેલ છે જે વંચાણે તેમજ ધ્યાને લીધેલ છે. તેમજ અન્ય આરોપીઓના વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલા છે. આ કામે કોઈ બનાવ નજરે જોનાર સાહેદો નથી. ખુદ ફરિયાદી તથા મહત્વના સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. આ કામે ફરિયાદી PW-1 એ પોતાની સોગંદ પરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે બનાવ અંગે તેમને કોઈ જાણ નથી, બનાવના દિવસે તેમણે કોઈ આરોપીને જોયા નથી, લાશ પણ જોયેલ નથી તથા પોલીસે તૈયાર કરેલા લખાણમાં માત્ર તેમની સહી લેવાઈ હતી, જેના પરથી સ્પષ્ટ થાય છે કે મુળ ફરિયાદ જ શંકાસ્પદ છે અને ફરિયાદપક્ષની આખી સ્ટોરી આધારહીન બની જાય છે. વધુમાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા ન હોય જેથી ફરીયાદીની ફરીયાદને સમર્થન મળતુ ન હોય આમ આવી જુબાનીના આધારે તહોમતદારને દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને તૈયાર લખાણમાં સહી લીધેલાની હકીકત જણાવે છે આવી પરિસ્થિતિમાં સ્થળ પંચનામું, ડિસ્કવરી પંચનામું, અટક પંચનામું તથા કબજા પંચનામાઓ સંપૂર્ણપણે અવિશ્વસનીય બની જાય છે અને તેના આધાર પર આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહીં. વધુમાં, તપાસ અધિકારીઓ ખુદ સ્વીકારે છે કે બનાવ નજરે જોનાર એક પણ સાહેદ નથી, સમગ્ર કેસ માત્ર સાંયોગિક પુરાવા પર આધારિત છે, કોઈ ફિંગરપ્રિન્ટ, ફુટપ્રિન્ટ મળેલ નથી, સ્થળનો નકશો રજુ કરાયેલ નથી, કોઈ મોબાઈલ જપ્ત કરી કોલ ડીટેલ મેળવવામાં આવેલ નથી તથા કોઈપણ આરોપીની મામલતદાર સમક્ષ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી, જે તમામ બાબતો

તપાસમાં ગંભીર ખામીઓ દર્શાવે છે. વધુમાં આરોપી નં.૧ પાસેથી કોઈ પણ પ્રકારની રીકવરી કે ડિસ્કવરી મળેલ નથી, આરોપી નં.૩ પાસેથી કોઈ વસ્તુ કબજે લેવાઈ નથી અને આરોપી નં.૨ અંગે કબજે લેવાયેલા કપડાં કે લોહીના નમૂનાઓ આરોપીને ગુના સાથે જોડે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર નથી. માત્ર એફ.એસ.એલ. રીપોર્ટ હોવો પૂરતો નથી, જ્યાં સુધી તે રિપોર્ટ આરોપીને ગુનાથી નિશ્ચિત રીતે જોડતો સ્પષ્ટ, અખંડિત અને અનિવાર્ય તારણ ન આપે. હાલના કેસમાં વૈજ્ઞાનિક પુરાવા અને બનાવ વચ્ચે એવી કોઈ અતુટ સાંકળ સ્થાપિત થતી નથી કે જેના પરથી માત્ર આરોપીઓએ જ ગુનો કર્યો હોવાનો નિષ્કર્ષ કાઢી શકાય. હાલના કેસમાં મોટીવ પણ માત્ર અનુમાન આધારિત છે, કારણ કે કોઈ સ્વતંત્ર અને વિશ્વસનીય સાહેદ દ્વારા ઝઘડા, ધમકી કે કાવતરાની વાત પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં આઈ.પી.સી. કલમ ૧૨૦(બી) હેઠળ કાવતરું સાબિત કરવા માટે જરૂરી એવી ગુના પૂર્વે બેઠક, સંકલ્પ કે સહમતિયુક્ત યોજના અંગે એકપણ વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ નથી. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા સ્પષ્ટ થાય છે કે ફરિયાદપક્ષ આરોપીઓ સામે લગાવવામાં આવેલા ગંભીર આરોપોને શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે અને સમગ્ર કેસ માત્ર અનુમાન, શંકા અને અધૂરી તપાસ પર આધારિત છે. કાયદાનો સ્થિર સિદ્ધાંત છે કે શંકાનો લાભ હંમેશા આરોપીને જ આપવાનો હોય છે, ખાસ કરીને જ્યારે બે સંભવિત દ્રષ્ટિકોણો ઉપલબ્ધ હોય ત્યારે આરોપીને અનુકૂળ દ્રષ્ટિકોણ અપનાવવો ફરજિયાત છે. વધુમાં મેડિકલ પુરાવા બાબતે રજૂઆત કરે છે કે પી.એમ. રિપોર્ટ માત્ર ઈજાઓનું કારણ અને મૃત્યુનો પ્રકાર બતાવે છે, પરંતુ કોણે ઈજાઓ પહોંચાડી તેનો સીધો પુરાવો નથી, એટલે કે મેડિકલ પુરાવા માત્ર "હોમિસાઈડલ ડેથ" દર્શાવે છે, પરંતુ તે કોના દ્વારા કરવામાં આવેલ છે તે બાબતે આરોપીઓને દર્શાવતા નથી. પ્રોસિક્યુશન કોઈપણ સ્વતંત્ર સાક્ષી, ફોરેન્સિક પુરાવો, ફિંગરપ્રિન્ટ, બ્લડસ્ટેઈન, અથવા આરોપીઓને ઘટનાસ્થળ સાથે જોડનાર કોઈ સીધી કડી રજૂ કરી શકેલ નથી. આ ગુનાના કામે કોઈ બનાવ નજરે જોનાર સાહેદો નથી કે તેવા કોઈ સાહેદોનો ફરિયાદપક્ષે તપાસેલા નથી. આ રીતે પ્રોસિક્યુશન પુરાવા અનુમાન, શંકા અને અધૂરી કડી પર આધારિત છે અને તે સંજોગોમાં બચાવપક્ષ તરફે દલીલ કરવામાં આવેલ છે કે શંકા કેટલી પણ પ્રબળ હોય, તે દોષારોપણનો આધાર બની શકતી નથી, અને જ્યાં

પ્રોસિક્યુશન પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

બચાવપક્ષ તરફે તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે.

**આરોપી નં.૧ તરફે રજુ થયેલ ચુકાદાઓ::–**

**૧.** ૨૦૧૩(૧) જી.એલ.એચ.–૪૦ ગુજ., પટેલ મનનભાઈ માવજીભાઈ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.

**૨.** ૨૦૧૨(૩) જી.એલ.આર.–૨૨૫૦, રમેશભાઈ હાજાભાઈ ચાચીયા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.

**૩.** ૨૦૧૨(૩) જી.એલ.આર.–૨૪૦૦, બચુભાઈ કાબાઈ બારીયા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.

**૪.** ૨૦૧૯(૧) ક્રાઈમ્સ–૨૮ (એસ.સી.), આશિષ જૈન વિરૂદ્ધ માર્કંડસીંઘ અને બીજાઓ.

**૫.** (૨૦૦૯)૧– એસ.સી.સી.–(ક્રી.) ૧૮૪, કેશવ વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર.

**૬.** ૨૦૦૭(૩) જી.એલ.એચ. ૪૦૨– સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ વિક્રમભાઈ નાનજીભાઈ ગામેતી.

**આરોપી નં.૩ તરફે રજુ થયેલ ચુકાદાઓ::–**

**૧.** નામ. સુપ્રીમ કોર્ટના ક્રીમીનલ અપીલ નં.૭૭૪/૨૦૦૬, સુબ્રમણીયમ વિરૂદ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ.

**૨.** નામ. ગુજરાત હાઈકોર્ટના ક્રીમીનલ અપીલ નં.૧૦૦૬/૨૦૧૪, સુબ્રમણીયમ વિરૂદ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ.

**(૦૮)** આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧:–** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે મરણજનાર દીલીપભાઈ હમીરભાઈ પરમારનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિ પણ હોમિસાઈડલ ડેથ હતુ?

**મુદ્દા નં.૨:–** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી નં.૧ કુસુમબેન ઉર્ફે માનુબેન વા.ઓ. દીલીપભાઈ પરમાર ડો.ઓ. શામજીભાઈ ગોહેલ ના અગાઉ આ કામના મરણજનાર દીલીપભાઈ હમીરભાઈ પરમાર સાથે લગ્ન થયેલ હોય અને થોડા સમય બાદ છુટાછેડા થઈ ગયેલ હોય અને આરોપી નં.૧ કુસુમબેન આ કામના આરોપી નં.૨ સુરેશભાઈ ટંકારીયાના મકાનમાં તેમની સાથે રહેવા ગયેલા અને તેમ છતાં મરણજનાર દીલીપભાઈ આરોપી નં.૧ કુસુમબેનના ઘરે જતા હોય અને બન્ને વચ્ચે ઝગડાઓ થતા હોય જેથી આ બાબતનો ખાર રાખી આરોપી નં.૧ નાએ આ કામના આરોપી નં.૩ જેશાભાઈ દેવાભાઈ મેણીયાને અગાઉ મળી પુર્વઆયોજીત કાવતરું રચી તા.૦૮/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૧૭–૫૭ વાગ્યે, નવાગામ આવાસ યોજના ક્વાર્ટર, બ્લોક નં.૨૧, ક્વાર્ટર નં.૨૬૭૫ રાજકોટ મુકામે મરણજનાર દિલીપભાઇને બોલાવી આરોપી નં.૧ કુસુમબેન તથા આરોપી નં.૨ સુરેશભાઈ વિઠ્ઠલભાઈ ટંકારીયા નાઓએ પકડી રાખી આરોપી નં.૩ જેશાભાઈએ મરણજનારને છાતીના ભાગે છરી વતી આડેધડ ઘા મારી ગંભીર ઈજા કરી દિલીપભાઇ હમીરભાઈનું ખુન કરી નાખી, **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા ૧૨૦(બી)** મુજબનો સજાને પાત્ર ગુનો મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૩:–** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે રાજકોટના પોલીસ કમિશનરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આ કામના આરોપીઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયાર છરી ધારણ કરી

તેનો ઉપયોગ મરણજનારને મહાવ્યથા પહોંચાડી તેનું મોત નીપજાવવામાં કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૪:–** શું હુકમ ?

**(૦૯)** આ કેસમાં ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:–** હકારમાં.
**મુદ્દા નં.૨:–** નકારમાં
**મુદ્દા નં.૩:–** નકારમાં
**મુદ્દા નં.૪:–** આખરી હુકમ મુજબ

**(૧૦)** ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો તથા તારણો નીચે મુજબ છે.

## ::– કા ર ણો ::–

**(૧૧)** ફરિયાદપક્ષ દ્વારા મુદ્દા નં.૧ થી ૩ ની હકીકતો સાબીત કરવા માટે ફરિયાદ પક્ષ તરફે કુલ–**૧૨** સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે તેમજ કુલ–**૨૦** દસ્તાવેજી પુરાવા રજુ રાખેલા છે.

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા::–</u>**

**(૧૨)** આ કામે મરણજનાર દીલીપભાઈ હમીરભાઈ પરમારનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિ પણ સાપરાધ મનુષ્યવધ (હોમીસાઈડલ ડેથ) હતો તેનો નિર્ણય કરવા માટે મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કે જે આંક–૪૩ થી રજુ થયેલ છે તેમજ મરણજનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો તેમજ તેઓએ તેમની જુબાની દરમ્યાન રજુ કરેલ મરણજનારની પી.એમ. નોટ તે અગત્યનો પુરાવો ગણી શકાય.

આંક–૪૩ નું મરણજનારનું ઈન્કવેસ્ટ પંનચામુ જોતા તેમાં એવી હકીકત જણાવેલ છે કે, લાશ ડીકમ્પોઝ હાલતમાં પડેલ છે જે લાશના છાતીના ભાગે આંતરડા બહાર નીકળી ગયેલ હાલતમાં જોવા મળે છે. શરીર પરની ચામડી કાળી પડી ગયેલ છે તથા અમુક જગ્યાએ ચામડી ઉખડી ગયેલ છે તથા ગળાથી મોઢાનો ભાગ કુલાઈ ગયેલો જોવામાં આવેલ છે તથા હાથે પગેથી ચામડી ઉખડી ગયેલ છે. ત્યાં હાજર સુરેશભાઈ વિઠ્ઠલભાઈ ટંકારીયાએ સદર લાશ દીલીપભાઈ હમીરભાઈ પરમાર ની હોવાનું ઓળખી બતાવેલ પરંતુ મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પી.એમ. કરવું જરૂરી હોવાનું જણાવી સદર લાશ પોલીસને સોંપેલી.

વધુમાં મરણજનરાની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર શૈલેષભાઈ ધનજીભાઈ ભુવાનો આંક–૨૨ નો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો આ સાહેદના પુરાવા મુજબ મુખ્યત્વે એવી હકીકત જણાઈ આવે છે કે, તા.૦૯/૦૭/૨૦૪૯ના રોજ મરણજનાર દીલીપભાઈ હમીરભાઈ પરમાર, ઉ.વ. ૪૩ ના શબનું કાયદેસર રીતે પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ હતુ. શબ ઓળખાયેલ હાલતમાં હતું, બંને હાથ ટુવાલથી છાતી સામે બાંધેલા હતા અને કપડાં પર લોહી લાગેલું હતું; શર્ટના આગળ તથા પાછળના ભાગે ત્રાંસી, આડી અને ઊભી દિશામાં કુલ છ કટ જોવા મળ્યા હતા, જે ધારદાર હથિયારના પ્રહાર દર્શાવતા હતા. શબ સડવાની પ્રગતિશીલ અવસ્થામાં હતું, રાઈગર મોર્ટિસ પૂર્ણ થઈ ચૂક્યો હતો અને શરીર પર માર્બલિંગ, ચામડી ઉખડવી તથા મેગટ્સ હાજર હોવાથી મૃત્યુ પોસ્ટમોર્ટમ પહેલાં અંદાજે ૨ થી ૫ દિવસ અગાઉ થયેલું હોવાનું અભિપ્રાય આપેલ હતો. મરણજનારની લાશના બાહ્ય પરીક્ષણ દરમિયાન ગળાના આગળના ભાગે જમણી તથા ડાબી બાજુએ અને બાજુના ભાગમાં સમાનાંતર અનેક સ્ટેબ ઈજાઓ નોંધાઈ હતી, જે અંદાજે ૨ થી ૫ સેમી લંબાઈ, ૦.૫ થી ૧ સેમી પહોળાઈ અને વિવિધ ઊંડાઈ ધરાવતી હતી. છાતી, ડાબી બગલ તથા પેટના ઉપરના ભાગે પણ ૩ થી ૬ સેમી લંબાઈની અનેક તીક્ષ્ણ ઈજાઓ હતી. તમામ ઈજાઓની કિનારીઓ સ્વચ્છ અને તીક્ષ્ણ હતી તથા ઘા આસપાસ અને અંદર ઘાટું લાલ લોહી જામેલું હતું, જે ઈજાઓ જીવિત અવસ્થાની હોવાનું દર્શાવે છે. આંતરિક પરીક્ષણમાં ગળાની શ્વાસનળી, અન્નનળી તથા મુખ્ય ધમનીઓ કપાઈ ગયેલી, સ્ટર્નમ હાડકું ભેદાયેલું, ડાબું

ફેફસું અને ફેફસાનો પડદો કાપાયેલા, તેમજ હોજરી, નાના આંતરડા અને લીવર સુધી ઘા પહોંચેલા હોવાનું જણાયું હતું. આ સાહેદ ડૉક્ટરે પોતાના શોર્ટ રિપોર્ટ તથા અસલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આંક-૪૫ માં સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે તીક્ષ્ણ અને ભોંકી શકાય તેવા હથિયાર વડે થયેલી અનેક સ્ટેબ ઈજાઓને કારણે ભારે રક્તસ્રાવ થવાથી મૃત્યુ થયું હતું તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદ મોડીકલ ઓફીસરની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાનમાં લેતા મરનારના શરીર ઉપર આવી કોઈ ઈજા જોવામાં આવેલી જ ન હોય કે પી.એમ. નોટમાં દર્શાવ્યા મુજબની ઈજાઓ અતી ગંભીર ઈજાઓ ન હોય કે તે ઈજાઓના કારણે વધુ પડતુ લોઈ વહી જવાથી હૃદય બંધ પડી જવાને કારણે મરનારનું મૃત્યુ થયેલ ન હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી.

આમ, આ સાહેદ મેડીકલ ઓફીસરનો પુરાવો તથા તેઓએ આંક-૪૫ થી રજુ કરેલ પી.એમ. નોટ ધ્યાનમાં લેતા મરણજનારનું મૃત્યુ **તેમને થયેલી ગંભીર પ્રકારની ઈજાઓના કારણે બ્લડ લોસ થતા થયેલાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે**. જો કે, મરનારનું મૃત્યુ આ ઈજાઓના કારણે નહીં પરંતુ અન્ય કોઈ કારણોસર કે કુદરતી રીતે કે અકસ્માતે થયેલ હોય તેવી બચાવપક્ષે કોઈ જ તકરાર લીધેલ નથી કે તેવો કોઈ વિરૂદ્ધનો પુરાવો પણ બચાવપક્ષે રજુ કરેલ નથી ત્યારે મરણજનારનું મૃત્યુ તેને થયેલ ગંભીર ઈજાઓના કારણે બ્લડ લોસ થવાથી થયેલાનું અને તે રીતે મરણજનારનું મૃત્યુ અકુદરતી હોવાનું અને તે હોમીસાઈડલ ડેથ હોવાની હકીકતો ફરિયાદપક્ષે પુરવાર કરેલ હોય વિશેષ કોઈ ચર્ચા નહીં કરતા ઉપરોક્ત **મુદ્દા નં.૧ નો નિર્ણય તે રીતે 'હકારમાં'** ઠરાવું છું.

## <u>મુદ્દા નં.૨ તથા ૩ ની સંયુક્ત ચર્ચા::-</u>

**(૧૩)** આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબનો ગુનો કરેલાનું તહોમત છે. ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબના ગુનાને કામે આરોપીઓ સામે કેસ ચલાવતી વખતે સર્વપ્રથમ ફરિયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે (૧) સાપરાધ

મનુષ્યવધ થવા પામ્યો છે (૨) તે આરોપીઓએ કોઈ કૃત્ય કર્યુ હોય (૩) જેના કારણસર ભોગ બનનારનું મૃત્યુ નીપજયું હોય (અહીં કૃત્યની વ્યાખ્યામાં કાર્યલોપનો પણ સમાવેશ થાય છે.) (૪) તે કૃત્ય આરોપીઓએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા એવા જ્ઞાન સાથે કે જે શારીરિક ઈજા પહોંચાડવામાં આવી છે તેનાથી મૃત્યુ નીપજવાનો સંભવ છે, અને તે શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય (૫) કૃત્ય કરનાર આરોપીઓએ જે ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા પુરતી છે.

ત્યારબાદ અદાલતે રેકર્ડ ઉપરનો પુરાવો જોઈ ધ્યાને લેવુ જોઈએ કે, (૬) આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈપણ અપવાદમાં પડે છે કે કેમ ? તે સિવાય જો આરોપીઓએ કોઈ ચોકકસ અપવાદનો બચાવ લીધો હોય તો તે ધ્યાને લેવાનું રહે છે (૭) જો આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં ન પડતુ હોય તો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય અને આરોપીઓને ઈ.પી.કો. કલમ ૩૦૨ અન્વયે સજા કરી શકાય. (૮) જો આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં પડતુ હોય તો આરોપીઓને સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહિ તેવા ગુના માટે ઈ.પી.કો. કલમ ૩૦૪ ની જોગવાઈ મુજબ સજા કરી શકાય.

અત્રે એ પણ નોંધવાનું જરૂરી જણાય છે કે, આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં આપવામાં આવેલ કોઈ અપવાદમાં કે સામાન્ય અપવાદમાં પડે છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપીઓ ઉપર રહે છે. આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવાની સમગ્ર જવાબદારી નિઃશંકપણે તમામ શંકાથી પર પુરવાર કરવાની ફરિયાદ પક્ષ ઉપર રહે છે. આ બોજો કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. આરોપીઓનો કેસ કોઈ અપવાદમાં પડતો નથી, તે હકીકત ફરિયાદપક્ષે નકારાત્મક રીતે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ જો ફરિયાદ પક્ષ આરોપીઓ સામે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય તેનો પુરાવો નિઃશંકપણે સાભિત કરી શકે ત્યારે અપવાદના સંજોગો ન હતા તેવુ અનુમાન કરવાનું અદાલતને રહે છે અને આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષની છે, અને તે પુરાવાનો પ્રકાર ફરિયાદ પક્ષ જેટલી નિ:શંકપણે પુરવાર કરવાની માત્રાની અપેક્ષા કરતા ઓછી રહે છે. બચાવ પક્ષે માત્ર

સંભાવના અને શક્યતા દર્શાવી ફરિયાદ પક્ષના કેસ સામે પ્રશ્નાર્થ ઉભો કરવાનો છે, એટલે કે બચાવ પક્ષે ફરિયાદ પક્ષનો કેસ ખોટો છે તેવું નહિ પરંતુ સાચો છે કે કેમ તે બાબતે પ્રશ્નો ઉપસ્થિત કરવાના હોય છે. આરોપીઓ ઉપર જે અપવાદ પુરવારનો બોજો છે તે સંભવીતતાના સિધ્ધાંત ઉપર છે. બચાવ પક્ષે તે બાબતે લેખિત કે મૌખિક પુરાવો આપવો તેવો કોઈ નિયમ નથી પરંતુ રેકર્ડ પરની કેસની સ્વીકારી લેવાયેલ હકીકત તેમજ નિર્વિવાદ હકીકતો જે ફરિયાદ પક્ષના પુરાવામાં આવે છે તેના ઉપરથી પણ અપવાદના સંજોગો પુરવાર કરી શકાય છે.

**(૧૩.૧)** વધુમાં એ હકીકત પણ નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ખાસ કરીને નામદાર જુદી–જુદી વડી અદાલતો અને નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદા અન્વયે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણપણે એટલે કે નિ:શંક પણે અને સચોટ પવો પુરવાર કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના જુદા–જુદા ચુકાદાઓ મુજબ અદાલતે ઘઉંમાંથી કાકરા નહીં પરંતુ કાકરામાંથી ઘઉં શોધવાના હોય છે એટલે કે, નામદાર સુપ્રિમ કોર્ટના ધ્યાન ઉપર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં કયારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપક્ષુ જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરીયાદ પક્ષના તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણપણે ફેંકી દઈ શકાય નહી કારણ કે **સત્ય એ સત્ય જ રહે છે**. એટલું જ નહી પરંતુ ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારથી ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામા સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપુર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યકિતને રાજા ન થઈ જાય અને તેજ રીતે તહોમતદાર રાજામાથી કે ગુનામાંથી છટકી ન જાય તે બાબત પણ નમ્રતાપૂર્વક ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરીયાદપક્ષના કેસમાં ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ ? એટલે કે ફરીયાદ પક્ષના સાક્ષીઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરીયાદ પાના જે–જે સાક્ષીઓની જુબાની થઈ હોય તેની લાયકાત (quality) જોવાની હોય છે એટલે કે પુરાવાનુ મુલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને **"વીકટીમોલોજી"** એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે

અને ફોજદારી કાયદા અન્વયેના સિધ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીઓને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે.

નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષીનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવા લાયક, ભરોસાપાત્ર અને વિશ્વાસ લાયક જણાઈ આવતો હોય તો તેવા એક માત્ર સાહેદની જુબાની માનીને પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય. તેવી જ રીતે ફરીયાદ પક્ષે ૪૦–૫૦ સાહેદો તપાસેલા હોય પરંતુ આવા સાહેદોનો પુરાવો માનવા લાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વાસપાત્ર જણાઈ આવતો ન હોય તો આવા ૪૦–૫૦ સાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટુંકમા દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લઈ તેવા પુરાવાનું ખુબજ ભારીકાઈથી વિશ્લેષણ કરી કેસનો ગુણ–દોષ ઉપર નિર્ણય કરવાનો રહે છે.

કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને લઈ ફરિયાદપક્ષ દ્વારા હાલના કામમાં જે પુરાવો રજુ કરવામાં આવેલ છે, તે પુરવાનાની ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

**(૧૩.૨)** ઉપરોક્ત મુદ્દા નં.૨ નો નિર્ણય ધ્યાને લેતા સવાલ એ ઉપસ્થિત થાય છે કે, મરણજનારનું મૃત્યુ એ હોમીસાઈડલ ડેથ હતુ તો મરણજનારના શરીર પર થયેલ આવી ઈજાઓ કોણે, કયારે, કેવી રીતે, શેના વડે અને શા માટે કરેલી ? તે મુદ્દાના સંદર્ભમાં બનાવની ફરીયાદી આપનાર ફરિયાદી  કે જે મહત્વના સાહેદ છે. તે સંજોગોમાં સૌ પ્રથમ ફરીયાદીના પુરાવાની ચર્ચા કરવી જરૂરી માનુ છું.

**ફરિયાદપક્ષનો પુરાવો ::–**

**(૧૪) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે ફરિયાદી વિજયભાઈ મગનભાઈ ઝાલાને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલા છે.** તેઓએ પોતાની જુબાનીમાં આરોપીને ઓળખી બતાવેલ છે અને ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે ફરિયાદ આંક–૧૬ થી રજુ થયેલ છે પરંતુ તે સિવાયની ફરિયાદની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી અને જણાવેલ

છે કે તેઓ વર્ષ ૨૦૧૯ ના વર્ષમાં આવાસ યોજનાના બ્લોક નં.૧૪ મા રહેતા હતા ત્યારે તેમના પાડોશમાં કુસુમબેન તથા તેમના પતિ દિલીપભાઇ રહેતા હતા અને તેઓનુ ઘર તેમના ઘરની પાછળના ભાગે આવેલ તેથી તેઓના વચ્ચે કોઇ બનાવ બનેલ હોય કે કેમ તે તેમને ખબર નથી. તા.૦૮/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ તેમની રીક્ષા લઇ ધંધા અર્થે ગયેલ હતા અને બપોરના સમયે ઘરે પરત ફરેલા ત્યારે ત્યાં પોલીસવાળા તથા સુરેશભાઇ દરજી હાજર હતા અને ત્યાં અન્ય કોઇ હાજર ન હોય તેથી તેમને બોલાવેલ અને પોલીસે તેમને સહી કરવાનુ કહેતા તેમણે હા પાડેલ તેથી તેમને પોલીસ સ્ટેશને બોલાવેલ અને ત્યાં પોલીસ સ્ટેશને ટાઇપ કરેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલી. આ કાગળમા શુ લખેલુ હતુ તે તેમણે વાંચેલુ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. પોલીસે તેના રૂબરૂ કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી. આમ, આ સાહેદ પોતાની ફરિયાદની હકીકત મુજબની હકીકતો પોતાની જુબાનીમાં જણાવતા ન હોય તેથી તેમને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે.

આ સાહેદે આરોપી નં.૧ તરફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે એ વાત ખરી છે કે, બનાવ વખતે ગુજરનાર દિલીપભાઇ ક્યા રહેતા હતા તેની મને ખબર નથી અને તેઓ ટ્રક ડ્રાઇવિંગ કરતા હતા તેથી તેઓ ક્યારે ઘરે આવે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે તા. ૦૮/૦૭/૨૦૧૯ ના રોજ સુરેશભાઇ દરજી મને મળેલ નથી અને આ સુરેશભાઇ દરજી સાથે આ દિવસે કોઇ વાતચીત પણ થયેલ નથી અને આ દિવસે મેં સુરેશભાઇને જોયેલ પણ નથી. એ વાત ખરી છે કે બી–ડીવી. પોલીસ સ્ટેશનમાં હાથેથી લખેલા તૈયાર લખાણમાં પોલીસે મારી એક સહી લીધેલી તે લખાણમા શું લખેલ હતુ તેની મને ખબર નથી મે પોલીસને કાંઇ લખાવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખાણમાં મારી સહી લીધેલી ત્યારે સાંજનો સમય હતો. એ વાત ખરી છે કે મે જે લખાણમાં સહી કરી ત્યારે મારી હાજરીમાં તે લખાણમાં કોઇ પોલીસ સાહેબે સહી કરેલ ન હતી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તમે શેમા મારી સહી લ્યો છો ત્યારે પોલીસે કહેલ કે પંચનામામા તમારી સહી લઇએ છીએ. એ વાત ખરી છે કે ગુજરનાર દિલીપભાઇના બનાવ અંગે હુ કાંઇ જાણતો નથી.એ વાત ખરી છે કે હુ રીક્ષા ડ્રાઇવિંગ કરૂ છુ અને આખો દિવસ રીક્ષા ડ્રાઇવિંગ કરતો હોવાથી મારા

ઘરની આજુબાજુ કે નજીકમા કે પાડોસીના ઘરમા શુ બનાવ બનતો હોય તેની મને ખબર ન હોય. એ વાત ખરી છે કે હુ રીક્ષા ડ્રાઈવિંગ કરતો હોવાથી પોલીસવાળા અવાર નવાર મારી સહી લઈ જાય છે અને પોલીસના કહેવાથી મારે સહી પણ કરી આપવી પડે છે. એ વાત ખરી છે કે ગુજરનારની લાશ મે જોયેલ નથી. એ વાત ખરી છે કે સહી સિવાય મને બીજા કાંઇ ખબર નથી. વધુમાં આ સાહેદે આરોપી નં.૨ તરફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે એ વાત ખરી છે કે તા.૦૮/૦૭/૨૦૧૯ ના રોજ મને સુરેશભાઇ વિઠ્ઠલભાઇને હુ મળેલ નથી કે તેઓને મે જોયા નથી. કે તેઓએ મને કોઈ વાતચીત તે દિવસે કરેલ હોય તેવુ બનેલ નથી. તેમજ આરોપી નં.૩ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે જેસાભાઇ દેવાભાઇ મેણીયા અમારા ઘરની બાજુમાં રહેતા નથી કે હુ તેઓને ઓળખતો નથી. કે તેઓનુ નામ પણ મે ફરીયાદમા લખાવેલ નથી.

આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ કે જે ખુદ બનાવની ફરિયાદ આપનાર ફરિયાદપક્ષના મહત્વના સાહેદ છે પરંતુ આ સાહેદ પોતાની ફરિયાદમાં જણાવેલી હકીકતોને પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપતા નથી અને બનાવ અંગે કોઈપણ પ્રકારની જાણકારી હોવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં આ સાહેદની જુબાની પરથી એ પણ હકીકત જણાઈ આવે છે કે બનાવ સમયે તેઓ હાજર નહોતા. વધુમાં તેઓએ જણાવેલ છે કે પોલીસે તૈયાર કરેલા લખાણમાં માત્ર તેમની સહી લીધેલી હતી પરંતુ તેમાં શું લખેલું હતું તેની તેમને જાણ નથી તેમજ તેમના સમક્ષ કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. ઉલટતપાસમાં સાહેદે એ હકીકત પણ સ્વીકારેલ છે કે બનાવના દિવસે તેઓ આરોપી નં.૧, ૨ કે ૩ પૈકી કોઈને મળેલા નથી કે જોયા પણ નથી. ગુજરનાર ક્યાં રહેતા હતા અથવા ક્યારે ઘરે આવતા હતા તેની પણ તેમને જાણ નથી, તેમજ ગુજરનારની લાશ પણ તેમણે જોયેલ નથી. તેમણે એ હકીકત પણ જણાવેલ છે કે તેઓ રિક્ષા ડ્રાઈવિંગ કરતા હોવાથી આખો દિવસ બહાર રહેતા હોય છે અને પોલીસ અવારનવાર તેમની સહી લઈ જતી હોય છે. આમ, આ સાહેદે ફરિયાદપક્ષના કેસની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ છે અને તે સંજોગોમાં આ સાહેદની જુબાનીમાંથી ફરિયાદપક્ષના કેસની હકીકતને

સમર્થન પ્રાપ્ત થતુ નથી અને તેથી આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી નથી.

**(૧૪.૧)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે **PW–2 પંચ સાહેદ અશરફભાઈ ઓસમાણભાઈ ઓડીયાને આંક–૧૭ થી તેમજ PW–3 પંચ સાહેદ મહેશભાઈ પીઠાભાઈ ચૌહાણને આંક–૨૧ થી** સોગંદ ઉપર તપાસતા તેઓઓ સ્થાનિક જગ્યાના પંચનામામાં પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૧૮ થી રજુ થયેલ છે તેમજ મુદ્દામાલ આર્ટીકલ "એ" તથા "બી" અનુક્રમે કોટનથ્રેડ તથા કોટન સેમ્પલ કોટન થ્રેડના નમુના હોય જેમાંથી નીકળેલ કાપલીઓમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે કાપલીઓ આંક–૧૯ તથા ૨૦ થી રજુ થયેલ છે, પરંતુ તે સિવાયની પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થન નહીં આપતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જ્યારે આરોપીઓપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ કોઈ આરોપીઓને ઓળખતા નથી. નવાગામ જકાતનાકા પાસે તેઓ રીક્ષા લઈને નીકળેલા ત્યારે પોલીસવાળાએ તેમની સહી લીધેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી. પોલીસ સાથે તેઓ ક્યાંય ગયેલા નથી. તેઓ રીક્ષા ડ્રાઈવીંગ કરે છે તેથી પોલીસ અવારનવાર તેમની સહી લઈ જાય છે અને પોલીસ કહે એટલે સહી કરવી પડે. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે એ વખતે એ.એસ.આઈ. પવાર હાજર હતા કે નહીં તે તેઓ કહી ન શકે તેમજ તેમની હાજરીમાં પોલીસે કોઈ વસ્તુ કબજે કરેલ નથી તેનો પણ સ્વીકાર કરેલો છે.

**(૧૪.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–4 પંચસાહેદ મેહુલભાઈ ચનાભાઈ મકવાણાને આંક–૨૪ થી તેમજ PW–5 પંચસાહેદ ચકાભાઈ ખોડાભાઈ જાદવને આંક–૨૬ થી** સોગંદ ઉપર તપાસતા તેઓઓ ડિસ્કવરી પંચનામામાં પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૨૫ થી રજુ થયેલ છે પરંતુ તે સિવાયની પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થન નહીં આપતા

વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જ્યારે આરોપીઓપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ બી–ડીવી. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે ક્યા કાગળોમાં સહી લીધેલી તેની તેમને ખબર નથી. તેઓ સહી કરીને નીકળી ગયેલા, પોલીસની સાથે કોઈ જગ્યાએ ગયેલા નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે તેમની સહી સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

**(૧૪.૩)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–6 પંચસાહેદ રાજેશભાઈ ઉર્ફે રાજુભઆઈ મેરામભાઈ ધ્રાંગીયાને આંક–૨૭ થી** સોગંદ ઉપર તપાસતા તેઓઓ મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામામાં પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૨૮ થી રજુ થયેલ છે પરંતુ તે સિવાયની પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થન નહીં આપતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જ્યારે આરોપીઓપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ બી–ડીવી. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે ક્યા કાગળોમાં સહી લીધેલી તેની તેમને ખબર નથી. તેઓ સહી કરીને નીકળી ગયેલા, પોલીસની સાથે કોઈ જગ્યાએ ગયેલા નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે તેમની સહી સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

**(૧૪.૪)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–7 પંચસાહેદ આર્યન રવીભાઈ રામાણીને આંક–૨૯ થી તેમજ PW–8 પંચસાહેદ રફીકભાઈ નઝીરભાઈ અંસારીને આંક–૩૧ થી** સોગંદ ઉપર તપાસતા તેઓએ આરોપીને અટક કર્યાના પંચનામામાં પંચ નં.૧ તથા ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૩૦ થી રજુ થયેલ છે, પરંતુ તે સિવાયની પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થન નહીં આપતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જ્યારે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,

તૈયાર લખાણમાં પોલીસના કહેવાથી સહી કરેલી. શું લખાણ હતુ તેની તેમને ખબર નથી અને સહી સિવાય તેઓ કાંઈ જાણતા નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે તેમની વિરૂદ્ધ કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, રાજકોટ શહેર બી–ડીવી. પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૧૩૦/૨૦૧૯ માં શું કાર્યવાહી કરેલી તેની તેમને ખબર નથી.

આમ, ઉપરોક્ત તમામ પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, આ કામે તમામ પંચસાહેદોએ પોતાની જુબાનીમાં માત્ર પંચ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે, પરંતુ પંચનામામાં દર્શાવેલ કોઈ પણ હકીકતને સમર્થન આપેલ નથી. તમામ પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તેમજ તેમની ઉલટતપાસમાંથી પણ પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ બાબત રેકર્ડ પર આવેલ નથી. તે સંજોગોમાં આ પંચસાહેદોની જુબાનીઓ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતા હોવાનું જણાઈ આવતુ નથી.

**(૧૪.૫)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–10 શીતલબેન દીલીપભાઈ સાથળીયાને આંક–૪૮ થી** સોગંદ ઉપર તપાસેસાલ છે, તેઓએ પોતાની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, દીલીપભાઈના મૃત્યુ અંગે તેઓ કાંઈ જાણતા નથી તેમજ પોલીસે તેમનું નિવેદન લીધેલુ હોય અને તેમણે પોલીસને કાંઈ લખાવેલ હોય તેવું બનેલ નથી. આમ, આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

**(૧૪.૬)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–11 ત.ક.અમલદાર વિકટર જોન ફર્નાન્ડીસને આંક–૪૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૯/૦૭/૨૦૧૯ના રોજ તેઓ બી–ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને પોલીસ સ્ટેશનનો ચાર્જ પી.આઈ. શ્રી આર.વાય. રાવલને સોંપેલ હતો. તે દરમિયાન ફરીયાદી

વિજયભાઈ મગનભાઈ ઝાલાએ આંક–૧૬ વાળી ફરીયાદ શ્રી આર.વાય. રાવલ સમક્ષ લખાવેલી હતી. આ ફરીયાદના આધારે ગુન્હો નોંધવા માટે શ્રી આર.વાય. રાવલે પી.એસ.ઓ.ને માર્ક–૧૨/૦૧ વાળી યાદી આપેલ હતી. આ અસલ યાદીમાં રહેલી શ્રી આર.વાય. રાવલની સહી તેઓએ ઓળખી બતાવેલ છે અને તે યાદી આંક–૫૦ થી રજુ થયેલ છે. પી.એસ.ઓ. દ્વારા આ ગુન્હાની આગળની તપાસ શ્રી આર.વાય. રાવલને સોંપવામાં આવી હતી. તે અનુસંધાને, ગુન્હો નોંધાયા પહેલાં એ.ડી. તપાસ દરમ્યાન એ.એસ.આઈ. શ્રી યુ.બી. પવાર દ્વારા તૈયાર કરાયેલ ઈન્કવેસ્ટ પંચનામું તથા ઘટના સ્થળનું પંચનામું શ્રી આર.વાય. રાવલને સોંપવામાં આવેલ. શ્રી આર.વાય. રાવલે તપાસ સંભાળી આંક–૩૦ વાળા અટક પંચનામા હેઠળ કુસુમબેન દીલીપભાઈ પરમારની અટક કરી, તેણીના કપડાં કબજે લીધા હતા. તે ઉપરાંત આંક–૪૬ વાળા પંચનામા દ્વારા સુરેશભાઈ વિઠલભાઈ ટંકારીયાની અંગજડતી કરી, જે દરમિયાન એક દસ્તાવેજની નકલ કબજે લેવાઈ હતી. તેમજ આરોપી નં.૨ તરીકે જેશાભાઈ દેવાભાઈ મેણીયાની અંગજડતી કરી તેના અંગેનું પંચનામું તૈયાર કરવામાં આવેલુ હતું. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ઉપરોક્ત કાર્યવાહી બાદ તેઓ ફરજ પર હાજર થતાં આગળની તપાસ તેમણે સંભાળેલી. તપાસ દરમ્યાન તેમણે આંક–૪૭ વાળા પંચનામા દ્વારા સુરેશભાઈ વિઠલભાઈ ટંકારીયાના કપડાં કબજે લીધા હતા તેમજ જેશાભાઈ દેવાભાઈ મેણીયાના કપડાં પણ કબજે લીધા હતા. તેમણે આંક–૪૫ વાળો પોસ્ટમોર્ટમ રીપોર્ટ મેળવેલ હતો તથા માર્ક–૧૨/૧૬ થી રજુ થયેલા આરોપીઓના બ્લડ સેમ્પલ મેળવેલ હતા. આ બ્લડ સેમ્પલની યાદીઓ પર સરકારી હોસ્પિટલના મેડિકલ ઓફિસરની સહી તથા સરકારી હોસ્પિટલનો સિક્કો છે. આ તમામ ત્રણેય યાદીઓને સંયુક્ત આંક–૫૧ થી રજુ થયેલ છે. આ ઉપરાંત તેમણે જેશાભાઈ દેવાભાઈ મેણીયા તથા સુરેશભાઈ વિઠલભાઈ ટંકારીયાની મેડિકલ તપાસ કરાવી તેના પ્રમાણપત્રો મેળવેલા, જે અનુક્રમે આંક–૫૨ તથા આંક–૫૩ થી રજુ થયેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેમના પુરોગામી શ્રી આર.વાય. રાવલે બનાવવાળી જગ્યાનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવવા માટે એફ.એસ.એલ. અધિકારી શ્રી વી.બી. પટેલને ઘટના સ્થળે બોલાવેલા હતા તથા તેનો અસલ રીપોર્ટ મેળવેલ હતો, તેમણે તથા તેમના પુરોગામી દ્વારા તપાસ દરમ્યાન

કબજે કરવામાં આવેલ સમગ્ર મુદામાલનું પરીક્ષણ કરાવવા માટે માર્ક–૧૨/૨૪ વાળા પત્ર દ્વારા એફ.એસ.એલ. રાજકોટને મોકલેલ હતો, જે પત્રની નકલ આંક–૫૪ થી રજુ થયેલ છે તેમજ આ પત્ર તથા મુદામાલ મળ્યા બદલ એફ.એસ.એલ. રાજકોટ તરફથી આપવામાં આવેલ પહોંચ આંક–૫૫ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, આંક–૫૪ વાળા પત્રના જવાબમાં એફ.એસ.એલ. રાજકોટ દ્વારા માર્ક–૧૨/૨૬ વાળા પત્ર સાથે એફ.એસ.એલ. અહેવાલ તથા સીરોલોજી રીપોર્ટ પોલીસ સ્ટેશનને મોકલવામાં આવેલા. આ અસલ અહેવાલ તથા પત્રને સંયુકત રીતે આંક–૫૬ આપવામાં આવેલ છે. તેમની તથા જે તે સમયના તેમના પુરોગામી ત.ક.અ. દ્વારા કરવામાં આવેલી સમગ્ર તપાસના અંતે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પૂરતો અને વિશ્વસનીય દસ્તાવેજી તથા વૈજ્ઞાનિક પુરાવો મળી આવતા, તેમણે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એ હકીકતો સ્વીકારેલ છે કે, હાલના કેસમાં બનાવ નજરે જોનાર એક પણ પ્રત્યક્ષ સાહેદ હાજર નથી અને સમગ્ર કેસ માત્ર સાંયોગીક પુરાવા પર આધારિત છે. આરોપી નં.૧ પાસેથી કોઈ પણ પ્રકારની રીકવરી કે ડિસ્કવરી થયેલ નથી, તેમજ કોઈપણ આરોપી સામે મામલતદાર રૂબરૂ ઓળખ પરેડનું પંચનામું કરાવેલ નથી. તેમજ  લાશ મળેલી જગ્યા પરથી કોઈ ફિંગરપ્રિન્ટ કે ફુટપ્રિન્ટ પણ મળેલ નથી, બનાવ સ્થળનો નકશો ચાર્જશીટ સાથે રજુ કરાયેલ નથી, તેમજ કોઈપણ આરોપીનો મોબાઇલ જપ્ત કરી કોલ ડિટેલ મેળવી રજુ કરેલ નથી, જેના કારણે આરોપીઓની સંડોવણી સાબિત થતી નથી. આ ઉપરાંત, તપાસ કરનાર અમલદારે વધુમાં સ્વીકારેલ છે કે આરોપી નં.૨ તથા આરોપી નં.૩ ની અટક તેઓએ જાતે કરેલ નથી, તેમજ ગુનાની તપાસ તેઓએ ફરિયાદ નોંધાયા બાદ ચાર દિવસ પછી સંભાળેલ હતી. તે પહેલાં તપાસ અન્ય પી.આઈ. પાસે હતી. તેમણે એ પણ સ્વીકારેલ છે કે તેમની જુબાનીમાં દર્શાવેલ કામગીરી સિવાય કોઈ વિશેષ તપાસ આ કેસમાં કરવામાં આવેલ નથી.

આમ, તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ પરથી  હાલના કેસની તપાસમાં ગંભીર ખામીઓ રહી ગયેલ હોવાની હકીકત જણાઈ આવે છે.

ખાસ કરીને સાયન્ટીફીક અને ટેકનિકલ પુરાવાઓ એકત્રીત કરવામાં તપાસ કરનાર અમલદાર નિષ્ફળ નીવડેલ છે અને તેના કારણે આરોપીઓ વિરુદ્ધનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૪.૭)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–12 ત.ક.અમલદાર રોહીતકુમાર યોગેશભાઈ રાવલને આંક–૫૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૯/૦૭/૨૦૧૯ના રોજ તેઓ બી–ડિવિઝન પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે ઈન્સાર્જ પી.આઈ. તરીકે ફરજ પર હતા. તે દિવસે ફરીયાદી વિજયભાઈ મગનભાઈ ઝાલાએ તેમની રૂબરૂ આંક–૧૬ મુજબની ફરીયાદ લખાવી હતી. આ ફરીયાદના આધારે ગુન્હો દાખલ કરવા માટે તેમણે યાદી પી.એસ.ઓ.ને આપેલી હતી. આ અસલ યાદીમાં રહેલી તેમની સહી તેઓએ ઓળખી બતાવેલ છે અને તે યાદી આંક–૫૦ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, પી.એસ.ઓ. દ્વારા આગળની તપાસ આંક–૫૦ વાળી યાદી મુજબ હુકમ કરીને તેમને સોંપવામાં આવી હતી. તે અનુસંધાને તેમણે ફરીયાદ તથા એ.ડી. તપાસ દરમિયાન તૈયાર થયેલ ઈન્કવેસ્ટ પંચનામું અને આંક–૧૮ વાળું સ્થળ પંચનામું મેળવેલ હતું. તપાસ દરમિયાન તેમણે આંક–૩૦ વાળા પંચનામા દ્વારા આરોપી કુસુમબેન ઉર્ફે માનુબેનની ધરપકડ કરી હતી. વધુમાં, આંક–૪૬ વાળા પંચનામા દ્વારા સુરેશ દરજી તથા જેશાભાઈ કોળી પાસેથી ઘરમેળે છુટાછેડાનો દસ્તાવેજ કબજે લેવાયો હતો. ત્યારબાદ તેમણે આંક–૪૭ વાળા પંચનામા દ્વારા આ બંને આરોપીઓના કપડાં કબજે લીધા હતા. તેમણે આંક–૪૫ વાળો પોસ્ટમોર્ટમ નોટ મેળવેલ હતો તથા આંક–૫૧ મુજબ રજુ થયેલ આરોપીઓના લોહીના નમૂનાની યાદી પણ પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત સ્થળ પરીક્ષણ અહેવાલ તેમણે મેળવેલ હતો. આ અહેવાલ નવાગામ આવાસ યોજના, ક્વાર્ટર રૂમ નં.૨૬૭૫ ખાતે સ્થળ પરીક્ષણ કરીને તૈયાર કરવામાં આવેલ હતો, જે એફ.એસ.એલ. અધિકારી શ્રી વી.બી. પટેલે તેમની હાજરીમાં તૈયાર કરેલ હતો. તેઓ શ્રી વી.બી. પટેલને જાતે ઓળખતા હોવાનું તથા તેમના હસ્તાક્ષર અને સહી ઓળખી બતાવેલ છે. આ અસલ અહેવાલ આંક–૫૮ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ઉપરોક્ત તપાસ દરમ્યાન તેમણે લાગતા–વળગતા સાક્ષીઓના નિવેદનો

નોંધ્યા બાદ આગળની તપાસ પી.આઈ. શ્રી વી.જે. ફર્નાન્ડીસને સોંપી હતી. શ્રી વી.જે. ફર્નાન્ડીસે તેમની તથા પોતાની તપાસ દરમ્યાન કબજે થયેલ મુદામાલને પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. મોકલી તેનો અહેવાલ મેળવેલ હતો. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમની તથા તેમના પુરોગામી પી.આઈ. શ્રી વી.જે. ફર્નાન્ડીસની તપાસ દરમ્યાન એકત્ર થયેલ તમામ દસ્તાવેજી પુરાવા તથા સાક્ષીઓના નિવેદનોના અંતે આરોપીઓ વિરુદ્ધ પૂરતો અને વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ હોવાનું જણાતાં, પી.આઈ. શ્રી વી.જે. ફર્નાન્ડીસ દ્વારા આરોપીઓ વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

આ સાહેદે તેમની આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એ હકીકતો સ્વીકારેલ છે કે, તેમની તપાસ દરમ્યાન પણ બનાવ નજરે જોનાર કોઈ સાહેદ મળી આવેલ નથી, એટલે સમગ્ર કેસ પરોક્ષ અને સાંયોગીક પુરાવા પર આધારિત છે. તેમણે વધુમાં જણાવેલ છે કે તેમની પાસે આ ગુનાની તપાસ તા.૦૯/૦૭/૨૦૧૯ થી તા.૧૨/૦૭/૨૦૧૯ સુધી રહી હતી. તેમજ આરોપી નં.૩ જેશાભાઈ પાસેથી કોઈપણ પ્રકારની વસ્તુ કબજે કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે તથા આ કેસની સંપૂર્ણ તપાસ તેમણે જાતે કરેલ નથી તેવી હકીકત પણ જણાવેલ છે. આ ઉપરાંત તેમણે એ હકીકત પણ સ્વીકારેલ છે કે આંક-૪૬ વાળા પંચનામાના પ્રથમ પાના પર કોઈની સહી નથી.

**Tabulated Charts as per direction given by Hon'ble SUPREME COURT OF INDIA in CRIMINAL APPEAL NO(S). 2973 of 2023, MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) ....APPELLANT(S) VERSUS STATE OF GUJARAT ....RESPONDENT(S), DECIDEC ON-15/12/2025**

**Chart for Witnesses Examined**

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૧ | વિજયભાઈ મગનભાઈ ઝાલા | ફરિયાદી |
| ૨ | અશરફભાઈ ઓસમાણભાઈ ઓડીયા | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |

| | | |
|---|---|---|
| ૩ | મહેશભાઈ પીઠાભાઈ ચૌહાણ | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |
| ૪ | મેહુલભાઈ ચનાભાઈ મકવાણા | ડિસ્કવરી પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |
| ૫ | ચકાભાઈ ખોડાભાઈ જાદવ | ડિસ્કવરી પંચનામાના પંચસાહેદ (હોસ્ટાઈલ) |
| ૬ | રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ મેરામભાઈ ધ્રાંગીયા | મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ (હોસ્ટાઈલ) |
| ૭ | આર્યન રવીભાઈ રામાણી | આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ (હોસ્ટાઈલ) |
| ૮ | રફીકભાઈ નઝીરભાઈ અંસારી | આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ (હોસ્ટાઈલ) |
| ૯ | ડોકટર શૈલેષભાઈ ધનજીભાઈ ભુવા | મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોકટર |
| ૧૦ | શીતલબેન દીલીપભાઈ સાથળીયા | સાહેદ (હોસ્ટાઈલ) |
| ૧૧ | ત.ક.અ. વિકટર જોન ફર્નાન્ડીસ | તપાસ કરનાર અમલદાર |
| ૧૨ | રોહીતકુમાર યોગેશભાઈ રાવલ | તપાસ કરનાર અમલદાર |

## Chart for Exhibited Documents

| Exhibit No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| **૧૬** | થી અસલ ફરિયાદ | PW-1 |
| **૧૮** | થી સ્થાનિક જગ્યાનું પંચનામુ | PW-11 |
| **૧૯, ૨૦** | થી મુદ્દામાલ આર્ટીકલ "એ" તથા "બી" અનુક્રમે કોટનથ્રેડ તથા કોટન સેમ્પલ કોટન થ્રેડના નમુના માંથી નીકળેલ કાપલીઓ | PW-11 |
| **૨૫** | થી ડિસ્કવરી પંચનામુ | PW-11 |
| **૨૮** | થી મરણજનારના કપડા કબજે | PW-11 |

| | | |
|---|---|---|
| | કર્યાનુ પંચનામુ | |
| ૩૦ | થી આરોપીને અટક કર્યાનું પંચનામુ | PW-11 |
| ૪૨ | થી મરણજનારની લાશનું પી.એમ. કરવાની યાદી | PW-9 |
| ૪૩ | થી મરણજનારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાની ખરીનકલ | PW-9 |
| ૪૪ | થી મરણોત્તર ફોર્મ | PW-9 |
| ૪૫ | થી પી.એમ. નોટ | PW-9 |
| ૪૬ | થી આરોપી સુરેશભાઈની અંગજડતી દરમ્યાન કબજે કરેલ દસ્તાવેજની નકલ | PW-11 |
| ૪૭ | થી આરોપી સુરેશભાઈ તેમજ આરોપી જેશાભાઈના કપડા કબજે કર્યાનું પંચનામુ | PW-11 |
| ૫૦ | થી ગુનો દાખલ કરવા અંગેની યાદી | PW-11 |
| ૫૧ | થી આરોપીના બ્લડ સેમ્પલ મેળવવા અંગેની યાદી | PW-11 |
| ૫૨ | થી આરોપી જશાભાઈ મેણીયાની મેડીકલ તપાસણીનું સર્ટીફીકેટ | PW-11 |
| ૫૩ | થી આરોપી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ ની મેડીકલ તપાસણીનું સર્ટીફીકેટ | PW-11 |
| ૫૪ | થી કબજે કરેલ મુદ્દામાલનું પરીક્ષણ કરવા માટે એફ.એસ.એલ. રાજકોટને લખેલ પત્ર | PW-11 |
| ૫૫ | થી મુદ્દામાલ મળી ગયા બદલની એફ.એસ.એલ. રાજકોટની પહોંચ | PW-11 |
| ૫૬ | થી એફ.એસ.એલ.નો અહેવાલ તથા સીરોલોજી રીપોર્ટ પત્ર સાથે- સંયુક્ત આંક | PW-11 |
| ૫૮ | થી સ્થળ પરીક્ષણ અહેવાલ | PW-12 |

## **Chart for Material Objects/Muddamals ::-**

| Material Object No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| ૧. | કોટન થ્રેડ-૨ | PW-11 |
| ૨. | કાળા કલરનું પેન્ટ-૧ | PW-11 |

| | | |
|---|---|---|
| ૩. | પોપટી તથા કોફી કલરની ડીઝાઈન વાળી સાડી–૧ | PW-11 |
| ૪. | આરોપી સુરેશભાઈ વિઠ્ઠલભાઈનું ચુંટણી કાર્ડ, ઘરમેળે છુટાછેડાના દસ્તાવેજની નકલ | PW-11 |
| ૫. | એક લાલ કલરનું બોર્ડર વાલુ ગોદડુ, વાદળી તથા રાખોડી કલરના પટાવાળી ફુલ ડીઝાઈન વાળી ચાદર, કાપડના કવરમાં રાખેલ એક છરી, એક પ્લાસ્ટીકનો જુના જેવો કોથળો | PW-11 |
| ૬. | એક ક્રીમ કલરનો શર્ટ તથા આછા કોફી કલરનું પેન્ટ, કાળી ક્રીમ ડીઝાઈન વાળો શર્ટ તથા એક કાળા કલરનું પેન્ટ, એક કાળા કલરનો જીઓ કંપનીનો મોબાઈલ | PW-11 |

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>::–**

**(૧૫)** આમ સમગ્ર કેસના મૌખિક, દસ્તાવેજી તથા સાયન્ટીફીક પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરતાં જણાઈ આવે છે કે, ફરિયાદ પક્ષ પોતાનો કેસ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે. આ કામે ફરિયાદ પક્ષના સૌથી મહત્વના સાહેદ અને બનાવની ફરિયાદ આપનાર ખુદ ફરિયાદી વિજયભાઈ મગનભાઈ ઝાલાએ આંક–૧૫ ની પોતાની જુબાનીમાં જ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી અને બનાવ અંગે તેમને કોઈ જાણકારી નથી તેવી હકીકત જણાવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. વધુમાં આ સાહેદની જુબાની પરથી જણાઈ આવે છે કે તેઓ બનાવ સમયે હાજર નહોતા અને બનાવ કેવી રીતે થયો, કોણે કર્યો તથા શા કારણે થયો તેની કોઈ માહિતી તેમને નથી. પોલીસે તૈયાર કરેલા લખાણમાં માત્ર તેમણે સહી કરેલી હતી પરંતુ તેમાં શું લખેલું હતું તેની તેમને જાણ નથી તેવી હકીકત જણાવેલ છે. તેમના સમક્ષ કોઈ મુદ્દામાલ કબજે કરાયેલ નથી તેવી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આ સાહેદે ઉલટતપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે બનાવના દિવસે તેઓ આરોપી નં.૧, ૨ કે ૩ પૈકી કોઈને મળેલા નથી કે જોયા પણ નથી તેમજ ગુજરનાર ક્યાં રહેતા હતા અથવા ક્યારે ઘરે

આવતા હતા તેની પણ તેમને જાણ નથી, તેમજ ગુજરનારની લાશ પણ તેમણે જોયેલ નથી. તેમણે એ પણ જણાવેલ છે કે તેઓ રિક્ષા ડ્રાઈવિંગ કરતા હોવાથી આખો દિવસ બહાર રહેતા હોય છે અને પોલીસ અવારનવાર તેમની સહી લઈ જતી હોય છે. આમ, આ સાહેદે ફરિયાદપક્ષના કેસની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેથી આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી નથી.

તેજ રીતે આ કામે તપાસવામાં આવેલા સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદો, ડિસ્કવરી પંચનામાના પંચસાહેદો, મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો તેમજ આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચસાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે આ તમામ પંચસાહેદોએ પોતાની જુબાનીમાં માત્ર પંચ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે, પરંતુ પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ પણ હકીકતને સમર્થન આપેલ નથી. તમામ પંચસાહેદો ફરિયાદપક્ષ દ્ધારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં, પંચસાહેદોએ એ હકીકત સ્વીકારેલ છે કે  તેમને પંચનામાની વિગતો અંગે કોઈ જાણકારી નથી. આમ, આ પંચસાહેદોની જુબાની પરથી ફરિયાદપક્ષને કોઈ સમર્થન મળતુ હોવાનું જણાઈ આવતુ નથી અને આ પંચસાહેદોની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી નથી.

તેજ રીતે આ કામે તપાસવામાં આવેલ સાહેદ શીતલબેન દીપકભાઈ સાથળીયા હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેમણે પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી તેથી આ સાહેદની જુબાની  ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી નથી.

વધુમાં ત.ક. અમલદારની ઉલટતપાસ દરમ્યાન પ્રથમ તપાસ કરનાર અમલદારે એવી હકીકત સ્વીકારેલ છે કે  હાલના બનાવમાં કોઈ પણ નજરે જોનાર સાક્ષી નથી, સમગ્ર કેસ સાંયોગિક પુરાવા પર

આધારિત છે, આરોપી નં. ૧ પાસેથી કોઈ પણ પ્રકારની રિકવરી કે ડિસ્કવરી મળી આવેલ નથી, કોઈપણ આરોપીની ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. વધુમાં બનાવસ્થળેથી ફીંગરપ્રીન્ટ કે ફુટ પ્રીન્ટ મળી આવેલા નથી. ચાર્જશીટમાં બનાવ સ્થળનો નકશો રજૂ કરેલ નથી, તેમજ કોઈપણ આરોપીના મોબાઇલ ફોન કબજે લઈ તેની કોલ ડીટેલ રજુ કરેલ નથી. આ તમામ હકીકતો પરથી જણાઈ આવે છે કે તપાસ ખામીયુક્ત રહેલી છે, જેના કારણે સમગ્ર કેસ શંકાસ્પદ બની જાય છે. વધુમાં પ્રથમ તપાસ અધિકારીએ આરોપી નં. ૨ સુરેશભાઈ વિઠલભાઈ તેમજ આરોપી નં. ૩ જેશાભાઈની અટક પોતે કરેલ નથી તેવી કબૂલાત આપેલી છે તથા એ હકીકત પણ સ્વીકારેલ છે કે ફરિયાદ દાખલ થયા બાદ ચાર દિવસ પછી તપાસ તેમને સોંપવામાં આવેલી હતી. વધુમાં, તેમણે એ પણ સ્વીકારેલ છે કે તેમની જુબાનીમાં જણાવ્યા સિવાયની અન્ય કોઈ વિશેષ તપાસ અથવા કાર્યવાહી તેમણે કરેલ નથી. આ તમામ હકીકતો પરથી જણાઈ આવે છે કે, તપાસ યોગ્ય રીતે થયેલી નથી. બીજા તપાસ અધિકારીની ઉલટતપાસ પરથી પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો નથી. વધુમાં તેમણે પણ સ્પષ્ટ સ્વીકારેલ છે કે તેમની તપાસ દરમ્યાન પણ આ કેસમાં કોઈ નજરે જોનાર સાક્ષી નથી. તેમણે આરોપી નં. ૨ના લોહી તથા કપડા કબજે કરેલાની હકીકતનો સ્વીકારે કરેલો છે, પરંતુ તેટલા માત્રથી આરોપીને ગુના સાથે જોડી શકાય નહીં.

વધુમાં તપાસ કરનાર અમલદાર એ.જે. પોપટની ઉલટતપાસ દરમ્યાન થયેલી કબુલાતો જોવામાં આવે તો તેમણે સ્વીકારેલ છે કે, આંક–૪૬ના પંચનામાના પ્રથમ પાનાં પર કોઈની સહી નથી. તેમજ આ કેસની સંપૂર્ણ તપાસ તેમણે કરેલ નથી અને આરોપી નં. ૩ જેશાભાઈ પાસેથી કોઈ પણ પ્રકારની કોઈ વસ્તુ કબજે કરેલ નથી.

આમ, સમગ્ર કેસમાં પડેલ પુરાવો ધ્યાને લેતા જણાઈ આવે છે કે, આ કામે કોઈ બનાવ નજરે જોનાર સાહેદ નથી, કોઈ રિકવરી કે ડિસ્કવરી નથી, કોઈ ઓળખ પરેડ નથી, કોઈ ટેક્નિકલ પુરાવા જેમ કે કોલ ડીટેલ્સ, લોકેશન ડેટા, સી.સી.ટી.વી. ફૂટેજ વગેરે રજુ થયેલા નથી તથા સાયન્ટીફીક

પુરાવાનો પણ પૂરતો ઉપયોગ કરેલ નથી. પરિણામે, સમગ્ર કેસ માત્ર અનુમાન, શંકા અને અધૂરા સાંયોગિક પુરાવા પર આધારિત છે.

વધુમાં હાલના કેસમાં ફરીયાદપક્ષનો સમગ્ર કેસ માત્ર સાંયોગિક પુરાવા પર આધારિત છે. કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે સાંયોગિક પુરાવા આધારિત કેસમાં પુરાવાની કડી પૂર્ણ, અખંડિત અને એવી હોવી જોઈએ કે જેના આધારે એકમાત્ર નિષ્કર્ષ આરોપીની દોષિતતા જ નીકળે. પરંતુ હાલના કેસમાં એવી કોઈ અખંડિત સાંયોગિક કડી સ્થાપિત થતી નથી. કોઈ નજરે જોનાર સાહેદ નથી, કોઈ સીધા સાહેદ, કોઈ જ વિશ્વસનીય ડિસ્કવરી નથી, કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી, કોઈ ટેક્નિકલ પુરાવા જેમ કે કોલ ડીટેલ્સ, લોકેશન ડેટા કે સી.સી.ટી.વી. ફૂટેજ રજૂ થયેલ નથી. તે સંજોગોમાં સમગ્ર કેસ માત્ર શંકા અને અનુમાન પર આધારિત છે. કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે “શંકા કેટલીય મજબૂત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકતી નથી” અને ફોજદારી કેસમાં આરોપીને દોષિત ઠેરવવા માટે પુરાવો શંકાથી પર હોવો આવશ્યક છે. હાલના કેસમાં આ માપદંડ પૂર્ણ થતો નથી.

વધુમાં ફરિયાદપક્ષ તરફે એવી દલીલ છે કે, ફરિયાદપક્ષના કેસ મુજબ ગુજરનારની લાશ સદર આરોપીના રહેણાંકના મકાનમાંથી મળી આવેલ છે. તે સંજોગોમાં સદર આરોપી તરફે પ્રોસીક્યુશન તરફે તપાસેલા સાહેદોની ઉલટતપાસમાં આ મુદ્દા ઉપર પ્રોસીક્યુશનના પુરાવાનું ખંડન કરેલ ન હોય જેથી આરોપી નં.૨ વિરૂદ્ધ આ હકીકતનું અનુમાન થાય. આ બાબતે આરોપી નં.૨ તરફે એવી દલીલ છે કે આ મકાન સદર આરોપીની માલીકી કે કબજા ભોગવટાનું હોય તે અંગેના કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ નથી. તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ તે હકીકત સાબીત થતી નથી જેથી પ્રોસીક્યુશનની આ રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં. આ તબક્કે પ્રોસીક્યુશનના કેસનો સમગ્ર આધાર સાંયોગીક પુરાવા પર છે અને પ્રોસીક્યુશન તરફે આ કામે તપાસેલા કોઈપણ સાહેદના પુરાવાથી ઉપરોક્ત પ્રોસીક્યુશનની દલીલને સમર્થન પ્રાપ્ત નથી. વધુમાં બનાવવાળી જગ્યાના પંચનામા મુજબ ગુજરનારની લાશ જે રહેણાંકના મકાન માંથી મળી આવેલ છે

તે મકાન જે તે વખતે પ્રોસીક્યુશનના કેસ મુજબ આરોપી નં.૨ નું હતુ અને બનાવ પહેલા કે ત્યારબાદ આ મકાનનો અક્સક્લુઝીવ એક્સેસ આરોપી નં.૨ અથવા તો આરોપી નં.૧ અને ૨ નો હતો તેવો કોઈ સબળ પુરાવો આ કામે પ્રોસીક્યુશન રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી. વધુમાં ત.ક.અમલદારનો આ મુદ્દા ઉપર રજુ પુરાવો જોતા અને તે સાથે બનાવની જગ્યાનું પંચનામુ જોતા આ સ્થળ આરોપી નં.૨ ના કબજા ભોગવટાનું છે તેમ માનીએ તો પણ તે એક માત્ર આધારે સદર આરોપીને મજબુત સાંયોગીક પુરાવાના અભાવે આ ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં. કારણકે, **નામ. સર્વોચ્ચ અદાલતે ક્રીમીનલ અપીલ નં. ૧૩૪૧/૨૦૦૫, ત્રીમુખ મારુતી કીરકાન વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (જજમેન્ટ તા. ૧૧/૧૦/૨૦૦૬) ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે સાંયોગીક પુરાવા આધારિત કેસમાં પ્રોસીક્યુશનની એ જવાબદારી છે કે, આરોપીનો કસુર સાબીત કરતો વિશ્વસનીય સાંયોગીક પુરાવો રજુ કરી ગુનાને લગત દરેક કડી એવી રીતે સાબીત કરવી પડે કે અદાલત પાસે જે તે ગુનામાં આરોપી સિવાય ગુનાને અંજામ આપનાર બીજી કોઈ વ્યક્તિ હોવા બાબતની સબળ શંકા ન રહે**. નામ. સુપ્રીમ કોર્ટ સમક્ષના કેસમાં ઘરમાંથી ડેડ બોડી મળેલી હતી. વાઈફનું મર્ડર થયેલુ અને હસબન્ડ સામે આક્ષેપ હતો. નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ કે આવા કેસમાં ફરિયાદપક્ષને પાડોશીના નિવેદન મળે તો તે આધારભુત બની શકે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૬ મુજબ આરોપીએ ખુલાસો કરવો પડે પરંતુ જ્યારે પ્રોસીક્યુશન પાંચ તત્વો પુરવાર કરે જેમ કે, ગુનામાટે મોટીવ આ કિસ્સામાં ફરિયાદપક્ષને કેસ છે કે, ગુજરનાર અને આરોપી નં.૧ બન્ને ના લગ્ન થયેલા ત્યારબાદ છુટાછેડા થઈ ગયેલા અને આરોપી નં. ૧ અને ૨ સાથે રહેતા હતા ત્યાં ગુજરનાર અવારનવાર જતા હતા તેનો ખાર રાખીને આરોપીએ એકબીજાની મદદગારીમાં મરણજનારને છરી મારેલાનો આક્ષેપ છે પરંતુ આખા કેસની હકીકત જોતા ગુનાનો મોટીવ પુરવાર થતો નથી. વધુમાં આ કેસમાં કોઈ એવા એવીડન્સ રેકર્ડ ઉપર નથી કોઈ પાડોશીના કે ગુજરનાર મૃત્યુ પહેલા આરોપી નં.૨ ના મકાનમાં જોવા મળેલ હોય અન્ય આરોપીઓ સાથે તે સંજોગોમાં લાસ્ટ સીન ટુગેધરનો કોઈ પુરાવો નથી. નામ. સુપ્રીમ કોર્ટે તેમના ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ છે કે પ્રોસીક્યુશન તરફથી આરોપી સામે પ્રબળ શંકા પ્રસ્તુત ગુનામાં તેમની જવાબદારી નક્કી કરવા અસ્તિત્વ

ધરાવે છે તેવો પુરાવો આપે તો પણ શંકા તો શંકા જ રહે છે તે કાયદામાં આરોપીની જવાબદારી ઠરાવવા જે પુરાવો જરૂરી છે તેનુ સ્થાન લઈ શકે નહીં. આ કામે એવો કોઈ પુરાવો પ્રોસીક્યુશન તરફથી આપેલો નથી કે જે મકાનમાં ગુજરનારનું મૃત્યુ નીપજાવવામાં આવેલુ ત્યાં બનાવ પહેલા આરોપી પૈકી કોઈ આરોપીની હાજરી હોય કે બનાવ પહેલા ગુજરનાર સાથે તમામ આરોપી કે કોઈ એક આરોપીને સાથે જોવામાં આવેલા હોય. આમ, આ કેસમાં પ્રોસીક્યુશન તરફથી આરોપીઓ સામે ઘડવામાં આવેલ ચાર્જ નિઃશંકપણે પુરવાર કરેલા નથી તે સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૬ હેઠળ પણ આરોપીઓ તરફથી ઉપરોક્ત મુદ્દા બાબતે કોઈ ખુલાસો કરેલ નથી તેવું માનીએ તો પણ તે બાબત આરોપીઓ વિરૂદ્ધ અનુમાન કરી શકાય નહીં. આ કામે પ્રોસીક્યુશન તરફથી રજુ પુરાવો જોતા ફરિયાદ અને ગુનાની જગ્યાનું પંચનામુ જોતા જે રહેણાંકનું મકાન છે ત્યાંથી ગુજરનારની લાશ મળી આવેલ છે તે સંજોગોમાં બનાવ સમયે ફરિયાદ મુજબ ત્રણ આરોપીઓ સ્થળ પર હાજર હતા તે બતાવતો તપાસના કામે એફ.એસ.એલ. તરફથી આરોપીઓના કોઈ ફીંગર પ્રીન્ટનો પુરાવો તપાસમાં મેળવી આરોપીઓની હાજરી પુરવાર કરવા કોઈ કોરોબ્રેટીવ એવેડન્સ પણ રજુ કરેલ નથી. આ કામે ગુજરનારનું મૃત્યુ જે પરિસ્થિતિ અને સંજોગોમાં નીપજાવવામાં આવેલ છે અને ગુજરનારની લાશ ઉપર જે ઈજાના નીશાનો છે અને ગુજરનારનું મૃત્યુ નીપજાવવા જે હથિયારનો ઉપયોગ પ્રોસીક્યુશનના કેસ મુજબ થયેલ છે તે જોતા ગુજરનાર ઉપર હુમલો કરનાર વ્યક્તિ ઉપર ગુજરનારના લોહીના નીશાનો મળી આવે તેવી શક્યતાનો ઈન્કાર થઈ શકે નહીં પરંતુ તેવા પણ કોઈ મેડીકલ એવીડન્સ તપાસના કામે કબજે લઈ પુરાવા તરીકે આ કામે રેકર્ડ ઉપર રજુ કરેલા નથી. તે સંજોગોમાં નામ. સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાના સિદ્ધાંતને ધ્યાને લેતા આ કામે બનાવનું સ્થળ રહેણાંકનું મકાન છે અને રેકર્ડ ઉપરના પુરાવાથી જે તે વખતે મકાન બંધ હાલતમાં હતુ અને આ મકાન રહેણાંકના વિસ્તારમાં આવેલ છે અને રેકર્ડ ઉપરના પુરાવામાં એ હકીકત પણ આવી છે કે, બનાવ વાળા મકાનની આજુબાજુમાં અન્ય લોકો વસવાટ પણ કરે છે. તેમ છતાં બનાવ વખતે આ મકાનનો કબજો કે ધારણકર્તા આરોપી નં.૨ હતા અને તેઓ આરોપી નં.૧ સાથે ત્યાં રહેતા હતા તે હકીકતની સાબીતી માટે તપાસના કામે આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન

પણ લેવામાં આવેલા નથી કે તેવા કોઈ સાહેદને પણ તપાસેલા નથી અને જે ફરિયાદી તથા અન્ય સાહેદને તપાસેલા છે તેમના સોગંદ ઉપરના પુરાવાથી પ્રોસીક્યુશનના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ય નથી.

વધુમાં હાલના કેસમાં મરણજનારનું મૃત્યુ હોમિસાઈડલ હોવાનું તબીબી પુરાવાથી સાબિત થાય છે, પરંતુ માત્ર હોમિસાઈડલ ડેથ સાબિત થવાથી આરોપીએજ મરણજનારની હત્યા કરી હોવાના નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં. ફરીયાદપક્ષ ઉપર એ કાયદેસરનો બોજો રહેલો છે કે તેઓ મજબુત, વિશ્વસનીય અને શંકારહીત પુરાવા દ્વારા એ હકીકત પુરવાર કરે કે આ હત્યા હાલના આરોપીઓએ જ કરી છે, પરંતુ ઉપરોક્ત કરવામાં ચર્ચા મુજબ સમગ્ર મૌખિક, દસ્તાવેજી તથા સાયન્ટીફીક પુરાવાના મૂલ્યાંકન પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે આરોપીઓ અને બનાવ વચ્ચે સીધી, અખંડિત તથા વિશ્વસનીય કડી જોડાતી થતી નથી. તેથી, માત્ર મરણજનારનું મૃત્યુ હોમિસાઈડલ હોવાના આધારે આરોપીઓને દોષિત ઠેરવી શકાય નહીં.

વધુમાં આ કામે બચાવપક્ષ તરફે તેમની દલીલોના સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કરી તેના ઉપર આધાર રાખવામાં આવેલ છે. આ તમામ ચુકાદાઓ અત્રેની કોર્ટ દ્વારા માનસહ વંચાણે લેતા પ્રસ્તુત ચુકાદા, તેની હકીકત તથા તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત સાથે હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને લેતા પ્રસ્તુત ચુકાદા અરજદાર/આરોપીના કેસને મદદરૂપ બનતા હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. હાલના કેસમાં ફરીયાદપક્ષનો સમગ્ર કેસ માત્ર સાંયોગિક પુરાવા પર આધારિત છે, જેમાં કોઈ પણ બનાવ નજરે જોનાર સાહેદ નથી, કોઈ વિશ્વસનીય ડિસ્કવરી નથી, કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી તથા કોઈ અસરકારક સાયન્ટીફીક પુરાવા ઉપલબ્ધ નથી, તેમજ તપાસમાં ગંભીર ખામીઓ રહેલી છે. તેથી, બચાવપક્ષ દ્વારા રજુ કરાયેલ ઉપરોક્ત તમામ ચુકાદાઓમાં પ્રતિપાદિત કરવામાં આવેલા સિદ્ધાંતો હાલના કેસમાં લાગુ પડે છે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

ઉપરોક્ત પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાઈ આવે છે હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ આઈ.પી.સી. કલમ–૩૦૨ મુજબ હત્યાના ગુનાનો આક્ષેપ કરેલો છે, પરંતુ રેકોર્ડ પર રજુ થયેલ સમગ્ર મૌખિક, દસ્તાવેજી તથા વૈજ્ઞાનિક પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં જણાઈ આવે છે કે, આરોપીઓ દ્વારા ગુજરનાર દિલીપભાઈની હત્યા કરાયેલ હોવાનું શંકાથી પર રીતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ કેસમાં બનાવ નજરે જોનાર એકપણ સાહેદ નથી અને મુળ ફરિયાદી ખુદ ફરીયાદની હકીકતોને પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપતા નથી તથા બનાવ અંગે કોઈપણ પ્રકારની જાણકારી હોવાનો ઇન્કાર કરેલો છે. વધુમાં તમામ પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે તે સંજોગોમાં ફરિયાદપક્ષ પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી. ત.ક.અ. ની ઉલટતપાસમાંથી પણ જણાઈ આવે છે કે, બનાવ સ્થળેથી કોઈ ફીંગર પ્રીન્ટ કે ફુટપ્રીન્ટ મળી આવેલા નથી, કોઈ ટેક્નિકલ પુરાવા જેમ કે મોબાઇલ કોલ ડીટેલ્સ, લોકેશન ડેટા કે સી.સી.ટી.વી. ફૂટેજ રજુ થયેલા નથી તથા તપાસમાં ગંભીર ખામીઓ રહેલી છે. વૈજ્ઞાનિક પુરાવાના આધારે પણ આરોપીઓની સીધેસીધી સંડોવણી નિઃશંકપણે પુરવાર થતી નથી. તે સંજોગોમાં કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત છે કે ફોજદારી કેસમાં માત્ર શંકા, અનુમાન અથવા અધૂરા સાંયોગિક પુરાવાના આધારે દોષિત ઠેરવી શકાય નહીં. તેથી, **આઈ.પી.સી. કલમ–૩૦૨** હેઠળનો ગુનો આરોપીઓ વિરુદ્ધ શંકા થી પર રીતે પુરવાર થતો નથી.

તેજ રીતે ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ આઈ.પી.સી. કલમ–૧૨૦(બી) મુજબ ગુનાહિત કાવતરાનો ગુનો આક્ષેપિત કર્યો છે. પરંતુ આ કલમ હેઠળ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એ સાબિત કરવું આવશ્યક છે કે આરોપીઓએ પરસ્પર પૂર્વનિયોજિત ઈરાદા સાથે ગુનો કરવાની યોજના ઘડેલી, તથા તે અંગે સ્પષ્ટ, વિશ્વસનીય અને દ્રઢ પુરાવો ઉપલબ્ધ હોય. હાલના કેસમાં આરોપીઓ વચ્ચે બનાવ પહેલા કોઈ બેઠક કે મીટીંગ કરેલી હોય અને તેમાં કોઈ પ્રકારની ગુનો કરવા અંગેની યોજના ઘડેલી હોય તેવી હકીકત દર્શાવતો એકપણ સ્વતંત્ર, વિશ્વસનીય પુરાવો રજુ થયેલ નથી. કોઈ કોલ ડીટેલ્સ, મેસેજ, સી.સી.ટી.વી. ફૂટેજ કે અન્ય ટેક્નિકલ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી, જેથી આરોપીઓ વચ્ચે કોઈ ગુનાહિત

કાવતરુ સાબિત થાય. તપાસ અધિકારીઓની ઉલટતપાસમાંથી પણ એવી કોઈ હકીકત બહાર આવેલી નથી કે જે આરોપીઓ વચ્ચે કાવતરાની કડી પૂર્ણ કરે. માત્ર અનુમાન, શંકા કે સંભાવના આધારે તારણ પરથી કલમ–૧૨૦(બી) મુજબ ગુનો પુરવાર થયેલો માની શકાય નહીં તેથી, હાલના કેસમાં આરોપીઓ વિરુદ્ધ **આઈ.પી.સી. કલમ–૧૨૦(બી)** મુજબ ગુનાહિત કાવતરાનો ગુનો પણ શંકા થી પર રીતે પુરવાર થતો નથી.

વધુમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પોલીસ એક્ટ, કલમ–૧૩૫ મુજબ ગુનો આક્ષેપિત કર્યો છે, પરંતુ આ કલમ હેઠળ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એ સાબિત કરવું જરૂરી છે કે બનાવના દિવસે સંબંધિત વિસ્તારમાં માન્ય અને અમલમાં રહેલું જાહેરનામું હાજર હતું, આરોપીઓને તેની જાણ હતી અને તેમ છતાં તેમણે તે જાહેરનામાના ભંગમાં પ્રતિબંધિત હથિયાર પોતાના કબજામાં રાખ્યું હતું. હાલના કેસમાં ફરીયાદપક્ષ દ્વારા એવો કોઈ વિશ્વસનીય અને સ્વતંત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેનાથી એ સાબિત થાય કે બનાવના દિવસે માન્ય જાહેરનામું અમલમાં હતું તથા આરોપીઓને તેની જાણ હતી. વધુમાં, હથિયારના કબજા અંગે તમામ પંચસાહેદો ફરી ગયેલા હોવાથી હથિયાર આરોપીઓના જ કબજા માંથી મળ્યું હોવાનું વિશ્વસનીય રીતે પુરવાર થતું નથી. હથિયાર કબજે કરવાની તથા સીલિંગ અંગેની પ્રક્રિયાને પણ સ્વતંત્ર પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ. આ પરિસ્થિતિમાં **જી.પી. એક્ટ કલમ–૧૩૫**ના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત થતા નથી અને તેથી આરોપીઓ વિરુદ્ધ આ કલમ હેઠળનો ગુનો પણ પુરવાર થતો નથી.

**(૧૬)** આમ, ઉપરોક્ત કરેલ વિગતવાર ચર્ચાના અંતે તેમજ ફરિયાદપક્ષે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતાં આ કોર્ટ એવા અંતિમ નિષ્કર્ષ પર આવે છે કે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધ આક્ષેપિત ગુનો નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા અને પુરાવાનું મુલ્યાંકન ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધ આંક–૬ મુજબના તહોમતનામા મુજબના આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં **મુદ્દા**

**નં.૨ અને ૩** નો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં.૪** અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુ ક મ ::

/૧/ આ કામે **આરોપી નં. ૧. કુસુમબેન ઉર્ફે માનુબેન વા.ઓ. દીલીપભાઈ પરમાર, ડો.ઓ. શામજીભાઈ ગોહેલ,** ઉ.વ.પુખ્ત, રહે. નવાગામ આવાસ યોજના ક્વાર્ટર્સ, બ્લોક નં.૨૧, ક્વાર્ટર નં.૨૬૭૫, સુરેશભાઈ દરજીના મકાનમાં ભાડેથી, રાજકોટ, **આરોપી નં. ૨. સુરેશભાઈ વીઠ્ઠલભાઈ ટંકારીયા,** ઉ.વ.૩૮, ધંધો–દરજીકામની મજૂરી, રહે. નવાગામ આવાસ યોજના ક્વાર્ટર્સ, બ્લોક નં.૨૧, ક્વાર્ટર નં.૨૬૭૫, રાજકોટ, **આરોપી નં. ૩. જેશાભાઈ દેવાભાઈ મેણીયા,** રહે. નોલી ગામ, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર, હાલ રહે. સાંગાણી ગામ, રતાભાઈ ભરવાડની સાથે, તા.ચોટીલા,જિ.સુરેન્દ્રનગર વાળાઓને તેમની વિરૂદ્ધના **ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧)** અન્વયે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

/૨/ આ કામના પ્રત્યેક આરોપીઓએ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧** [ક્રિમી.પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)] અન્વયે રૂ૦ ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો સાત દિવસમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

/૩/ આ કામે કબજે કરવામાં આવેલ તમામ બિન કિંમતી મુદ્દામાલ નો અપીલ સમય વિત્યે નાશ કરવો. જ્યારે મુદ્દામાલ પાવતી નં. ૨૨૦/૧૯ માં દર્શાવ્યા મુજબના મુદ્દામાલ પૈકી આઈડીયા કંપનીનું સીમકાર્ડ તેમજ એક કાળા કલરનો જીઓ કંપનીનો મોબાઈલ ફોન પરત કરવા અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ બિનશરતી કાયમ રાખવો અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો સદરહુ તમામ મુદ્દામાલ જે તે મુદ્દામાલના મુળ માલીકને તેની માલીકીપણાની ખરાઈ કરીને અપીલ સમય વિત્યા બાદ પરત કરવો.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તા.**૩૦**મી**,** માહે–**એપ્રીલ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા.૩૦/૦૪/૨૦૨૬** **(ઈકરામખાન બશીરખાન પઠાણ)**

**ચોથા** અધિક સેશન્સ જજ**,**

રાજકોટ.

(UIC NO.GJ00614)